RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 158* Date: 06.04.2021 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### તમામ રેકોર્ડ ધ્વસ્ત, એક દિવસમાં પોઝિટિવ કેસોમાં અમેરિકા બાદ ભારત બીજા સ્થાને

# કોરોનાએ આતંક મચાવ્યોઃ ૨૪ કલાકમાં ૧.૦૩ લાખ કેસ નોંધાયા



*ન્યુ દિલ્હી,તા.૫*

કોરોના વાયરસની મહામારી વધારેને વધારે ખતરનાક બની રહી છે. ભારતમાં કોરોનાના નવા કેસનો આંકડો જે રીતે વધી રહ્યો છે તે જોતા ચિંતા વધી રહી છે. રવિવારે ભારતમાં કોરોનાના કુલ ૧ લાખ કેસ નોંધાયા છે. અમેરિકા પછી ભારત બીજો દેશ બન્યો છે કે જ્યાં કોરોનાના ૨૪ કલાકમાં ૧ લાખ કરતા વધુ નવા કેસ નોંધાયા છે.

આંકડા પ્રમાણે ભારતમાં કોરોનાના ૧,૦૩,૮૪૪ નવા કેસ રવિવારે નોંધાયા છે. જેમાંથી અડધાથી વધારે માત્ર મહારાષ્ટ્રમાં નોંધાયા છે, અહીં ૫૭,૦૭૪ નવા કેસ નોંધાયા છે. આ પહેલા પાછલા વર્ષે ૧૭ સપ્ટેમ્બરે દેશના સૌથી વધુ કેસ ૯૮,૭૯૫ નોંધાયા હતા, જેના કરતા રવિવારે ૫૦૦૦ કેસ વધારે નોંધાયા છે.

ભારતમાં કોરોનાની બીજી લહેર ચાલી રહી છે, જેની શરુઆત લગભગ ૫૨ દિવસ પહેલા થઈ હતી, જેમાં હવે પહેલી લહેર કરતા વધુ ઊંચા કેસ નોંધાઈ રહ્યા છે. ૭ દિવસમાં સરેરાશ નોંધાતા કેસમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. આ આંકડો ૧૧ ફેબ્રુઆરીએ ૧૧,૩૬૪ હતો જે વધીને ૪ એપ્રિલના રોજ ૭૮,૩૧૮ થઈ ગયો છે. આ ભારતના કોરોના કાળનો સૌથી મોટો ઉછાળો છે.

નવા કેસના રેકોર્ડ સાથે સોમવારે નોંધાયેલા અત્યાર સુધીના સૌથી વધુ કેસનો રેકોર્ડ પણ તૂટી ગયો છે. એક્ટિવ કેસમાં ૫૦,૦૦૦નો વધારો થયો છે. દેશમાં એક્ટિવ કેસનો આંકડો ૭ લાખને પાર થઈ ગયો છે, કોરોનાના એક્ટિવ કેસની સંખ્યાને ૬થી ૭ લાખ થતા માત્ર ૩ દિવસનો સમય થયો છે.

તાજેતરમાં પૂર્ણ થયેલા અઠવાડિયા (૨૯ માર્ચથી ૪ એપ્રિલ) દરમિયાન ૫,૪૮,૬૨૫ નવા કેસ નોંધાયા છે. ૨૮ સપ્ટેમ્બરથી ૪ ઓક્ટોબર દરમિયાન નોંધાયેલા ૫.૫ લાખ કેસ પછી સૌથી વધુ કેસ અઠવાડિયા દરમિયાન નોંધાયા છે. અગાઉના અઠવાડિયે નોંધાયેલા કેસ કરતા આ વખતે ૧,૫૫,૫૬૯ નવા કેસ નોંધાયા છે. દેશમાં ચાલી રહેલા કોરોનાકાળનો અત્યાર સુધીનો સૌથી મોટો ઉછાળો છે.

## છેલ્લા ૨૪ કલાકમાં ૪૭૭ લોકોના મોત નિપજ્યા, દેશમાં એક્ટિવ કેસનો આંકડો ૭ લાખને પાર

કોરોનાના નવા કેસની સાથે મૃત્યુઆંકમાં પણ વધારો થઈ રહ્યો છે. ૨૯ માર્ચથી ૪ એપ્રિલ દરમિયાન ૨,૯૭૪ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે, આ અગાઉના અઠવાડિયામાં આ સંખ્યા ૧,૮૭૫ હતી. આ અઠવાડિયે કોરોનાના લીધે નોંધાયેલા મૃત્યુ નવેમ્બર ૩૦થી ૬ ડિસેમ્બર પછીના સૌથી વધુ છે. દેશમાં કોરોનાના કેસની સંખ્યામાં નોંધાઈ રહેલા વધારાની સાથે મૃત્યુઆંક અને એક્ટિવ કેસની સંખ્યામાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. રવિવારે દેશમાં ૪૭૭ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો હતો. પાછલા ૫ દિવસથી દેશમાં ૪૦૦થી વધુ મૃત્યુઆંક નોંધાઈ રહ્યા છે, આ પહેલા શનિવારે ૫૧૪ લોકોએ જીવ ગુમાવ્યો હતો.

મહારાષ્ટ્રાં ૫૦,૦૦૦ કરતા વધારે કોરોના કેસ એક દિવસમાં પહેલીવાર નોંધાયા છે. મુંબઈમાં અત્યાર સુધીના સૌથી વધુ ૧૧,૨૦૬ કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૩ મિલિનયને પાર કરી ગઈ છે, મહારાષ્ટ્ર પછી ખરાબ સ્થિતિ કેરળમાં છે જ્યાં ૧.૧ મિલિયન કેસ નોંધાયા છે.

## જરુર પડશે તો ગાંધીનગરમાં પણ ટ્રેક્ટર રેલી થશેઃ રાકેશ ટિકૈત



અમદાવાદ,તા.૫

ખેડૂત આગેવાન રાકેશ ટિકૈત ૨ દિવસના ગુજરાત પ્રવાસે છે, ત્યારે આજે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા સાથે ગાંધી આશ્રમ પહોંચ્યા હતા. ગાંધી આશ્રમ ખાતે ગાંધીજીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી ટિકૈતે જણાવ્યું હતું કે હવે ગુજરાતમાં પણ આંદોલન શરૂ થશે. આ આંદોલનમાં ગાંધીનગરનો ઘેરાવ કરીને ત્યાં પણ ટ્રેકટર સાથે બેરિકેડ્સ તોડવાની ચીમકી તેમણે ઉચ્ચારી હતી.

ખેડૂત આગેવાને રાકેશ ટિકૈતે જણાવ્યું હતું કે ભાજપમાં અમારા કારણે ભય ફેલાઈ રહ્યો છે. અત્યારે ખેડૂત આંદોલન શાંતિપૂર્ણ રીતે ચાલી રહ્યું છે, ધરણાં શાંતિથી ચાલી રહ્યાં છે. ગુજરાતમાં જે રીતે ખેડૂતોની જમીન છીનવાઈ રહી છે એ રીતે સમગ્ર દેશમાં પણ છીનવાઈ રહી છે. ગુજરાતના ખેડૂતોને પણ અનેક સમસ્યા છે પણ તેમની પાસે જબરદસ્તી ખોટું બોલાવાય છે. ૩ રૂપિયે કિલો બટાટા મળવાની વાત છે, પરંતુ ૩ રૂપિયે કિલો તો ગોબર પણ મળતું નથી. તો ખેડૂત શું કમાશે.

ગુજરાતના ખેડૂતોનો ડર દૂર કરવા આજે હું અહીં આવ્યો છું. આગામી સમયમાં ગાંધીનગરનો ઘેરાવ કરાશે અને આંદોલન ઉગ્ર બનાવીશું. ઘેરાવથી જ ગુજરાતના ખેડૂતો જાગ્રત થશે. હવે ટ્રેકટરનો ઉપયોગ માત્ર ખેતી માટે જ નહિ, પરંતુ આંદોલનમાં પણ કરાશે. ગાંધીનગરનો ઘેરાવ કરીને બેરિકેડ્સ તોડવામાં આવશે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૩૧૬૦**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૩૨૧૫૯૮**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૫**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૨૦૨૮**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૩૦૦૮૬૫**

### ફ્રાન્સના એક પબ્લિકેશને કરેલા દાવાથી ખળભળાટ મચ્યો

## લડાકુ વિમાન રાફેલ સોદામાં ફરી એકવાર ભ્રષ્ટાચારનું ભૂત ધૂણ્યુ

*પેરિસ,તા.૫*

ભારત-ફ્રાન્સની વચ્ચે રાફેલ લડાકુ વિમાન સોદામાં ફરી એકવખત ભ્રષ્ટાચારનું જીન બહાર આવ્યું છે. ફ્રાન્સના એક પબ્લિકેશને દાવો કર્યો છે કે રાફેલ બનાવનાર ફ્રાન્સની કંપની દસોલ્ટને ભારતમાં એક વચેટિયાને એક મિલિયન યુરો 'ગિફ્ટ' તરીકે આપવા પડ્યા હતા. ફ્રાન્સીસ મીડિયાના આ ખુલાસા બાદ ફરી એકવખત બંને દેશોમાં રાફેલની ડીલને લઈ પ્રશ્નો ઉભા થવા લાગ્યા છે. ફ્રાન્સના પબ્લિકેશન 'મીડિયાપાર્ટ' એ પોતાના એક રિપોર્ટમાં દાવો કર્યો છે કે ૨૦૧૬માં ભારત-ફ્રાન્સની વચ્ચે રાફેલ લડાકુ વિમાનને લઇ સમજૂતી થઇ ત્યારબાદ દસૉલ્ટે ભારતમાં એક વચેટિયાને આ રકમ આપી હતી. ૨૦૧૭ના વર્ષમાં દસૉલ્ટ ગ્રૂપના એકાઉન્ટમાંથી ૫,૦૮,૯૨૫ યુરો 'ગિફ્ટ ટુ ક્લાયન્ટસ' તરીકે ટ્રાન્સફર થયા હતા.

આ વાતનો ખુલાસો ત્યારે થયો જ્યારે ફ્રાન્સની એન્ટી કરપ્શન એજન્સી છહ્લછએ દસોલ્ટના ખાતાનું ઓડિટ કર્યું. મીડિયાપાર્ટના રિપોર્ટ પ્રમાણે ખુલાસો થવા પર દસોલ્ટે સ્પષ્ટતામાં કહ્યું હતું કે આ પૈસાનો ઉપયોગ રાફેલ લડાકુ વિમાનના ૫૦ મોટા 'મોડલ' બનાવામાં થયો હતો પરંતુ એવા કોઇ મોડલ બન્યા જ નહોતા.

ફ્રાન્સીસ રિપોર્ટનો દાવો છે કે ઓડિટમાં આ વાત સામે આવ્યા પછી પણ એજન્સીએ કોઇ એકશન લીધું નથી, જે ફ્રાન્સના રાજનેતાઓ અને જસ્ટિસ સિસ્ટમની મિલીભગતને પણ દેખાડે છે. વાત એમ છે કે ફ્રાન્સમાં ૨૦૧૮માં એક એજન્સી પીએનએફએ આ ડીલમાં ગડબડીની વાત કહી હતી ત્યારે ઓડિટ કરાવ્યું અને આ વાત સામે આવી હતી.

એજન્સીએ પોતાના રિપોર્ટમાં દાવો કર્યો કે દસૉલ્ટ ગ્રૂપ દ્વારા 'ગિફ્ટ કરાયેલ રકમ'નો બચાવ કરાયો. રિપોર્ટમાં કહેવાયું કે ભારતીય કંપની ઢીકજઅજ Solutionsના ઇનવોઇસથી એ દેખાડ્યું કે જે ૫૦ મોડલ તૈયાર થયા તેની અડધી રકમ તેમણે આપી હતી. દરેક મોડલની કિંમત અંદાજે ૨૦ હજાર યુરોથી વધુ હતી.

જો કે આ તમામ આરોપોને દસૉલ્ટ ગ્રૂપની પાસે કોઇ જવાબ નહોતો અને તેમણે ઑડિટ એજન્સીને જવાબ આપ્યો નહીં. સાથો સાથ દસૉસલ્ટ એ ના કહી શકયું કે આખરે તેને આ ગિફ્ટની રકમ કેવી રીતે અને કેમ અપાઇ હતી. જે ભારતીય કંપનીનું નામ આ રિપોર્ટમાં લેવાયું છે તેનો પહેલાં પણ વિવાદો સાથે સંબંધ રહ્યો છે. રિપોર્ટના મતે કંપનીના માલિક પહેલાં અગસ્તા વેસ્ટલેન્ડ ગોટાળાના કેસમાં જેલ જઇ ચૂકયા છે. જે મીડિયા પબ્લિકેશન મીડિયાપાર્ટે ફ્રાન્સમાં આ ખુલાસો કર્યો છે, તેના રિપોર્ટર યાન ફિલિપને કહ્યું કે ભારત-ફ્રાન્સની વચ્ચે જે રાફેલ ડીલ થઇ છે તેની તપાસ ત્રણ હિસ્સામાં થઇ રહી છે જેમાં આ હજુ પહેલો જ ભાગ છે. જે સૌથી મોટો ખુલાસો છે તે ત્રીજા ભાગમાં કરાશે.

આપને જણાવી દઈએ કે ૨૦૧૬ની સાલમાં ભારત સરકારે ફ્રાન્સ પાસેથી ૩૬ રાફેલ લડાકુ વિમાન ખરીદવાની ડીલ કરી હતી. તેમાંથી એક ડઝન વિમાન ભારતને મળી પણ ગયા છે અને ૨૦૨૨ સુધીમાં બધા વિમાન મળી જશે. જ્યારે આ ડીલ થઇ હતી ત્યારે પણ ભારતમાં ઘણો વિવાદ થયો હતો. લોકસભામાં ચૂંટણી પહેલાં રાફેલ લડાકુ વિમાનની ડીલમાં ભ્રષ્ટાચારના મુદ્દા પર કોંગ્રેસે મોદી સરકાર પર નિશાન સાંધ્યું હતું.

## રાજસ્થાનમાં કોરોના નેગેટિવ રિપોર્ટ વિના એન્ટ્રી પર પ્રતિબંધ

જયપુર,તા.૫

કોરોનાવાઈરસ બીમારીના કેસ વધી જતાં ચેપનો ફેલાવો કાબૂમાં લાવવા માટે રાજસ્થાન સરકાર કડક બની છે. તેણે રાજ્યમાં પ્રવેશનાર લોકો માટે તેમજ રાજ્યની બહાર જતા લોકો માટે આરટી-પીસીઆર ટેસ્ટ કરાવવાનું ફરજિયાત બનાવી દીધું છે. સમગ્ર રાજસ્થાનમાં શાળાઓમાં ૧-૯ ધોરણો સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. સરકારે કહ્યું છે કે તમામ જિલ્લા મેજિસ્ટ્રેટો પોતપોતાના જિલ્લામાં રાતે ૮થી બીજા દિવસે સવારે ૬ વાગ્યા સુધી નાઈટ-કર્ફ્યૂ લાગુ કરી શકે છે, પરંતુ એ માટે તેમણે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી લેવાની રહેશે.

### શહિદ જવાનોને ગૃહમંત્રી શાહે શ્રદ્ધાંજલિ પાઠવી

## જવાનોનું બલિદાન વ્યર્થ નહીં જાય, નક્સલવાદને મૂળમાંથી ખત્મ કરીશુંઃ શાહ

રાયપુર,તા.૫

છત્તીસગઢના બીજાપુર-સુકમા બોર્ડર પર નકસલીઓના હુમલામાં શહીદ જવાનોને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શ્રધ્ધાંજલિ પાઠવી. સોમવારના રોજ અમિત શાહ જગદલપુર પહોંચ્યા. તયારબાદ અગત્યની બેઠક કરી. ત્યારબાદ કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે હું વિશ્વાસ અપાવું છું કે આ ઘટના બાદ લડાઈને વધુ તીવ્ર કરાશે અને ચોક્કસપણે વિજયમાં પરિવર્તિત કરાશે. જે જવાન શહીદ થયા છે તેમના પરિવારજનોને હું કહેવા માંગીશ કે તમારા ભાઇ, પતિ, દીકરાએ જે દેશ માટે બલિદાન આપ્યું છે તેને દેશ કયારેય ભૂલશે નહીં. સંકટની ઘડીમાં આખો દેશ તેમની સાથે ઉભો છે. પરિવારજનોનું બલિદાન વ્યર્થ જશે નહીં. હું શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપું છું. તેમનું સર્વોચ્ચ બલિદાન વ્યર્થ જશે નહીં. આ દેશને વિશ્વાસ અપાવું છું. મૂળમાંથી નકસલવાદને ખત્મ કરીશું, લડાઇ હવે નિર્ણાયક મોડ પર છે.



સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે સમીક્ષા બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે નકસલીઓની વિરૂદ્ધ ઓપરેશનમાં તેજી લાવામાં આવશે. સાથો સાથ તેમના માટે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ ઈન્ટેલિજન્સનો સહારો લેવાશે. એટલું જ નહીં મોટા પાયે એનટીઆરઓ સુરક્ષા એજન્સીઓની રિયલ ટાઇમ માહિતી આપીને મદદ કરશે.સુરક્ષા એજન્સીઓ મોસ્ટવોન્ટેડ નકસલી કમાન્ડરની યાદી બનાવીને તેની વિરૂદ્ધ ટૂંક સમયમાં જ મોટું ઓપરેશન શરૂ કરશે.

## આજે બંગાળ,આસામ,તમિલનાડુ,કેરળ અને પોંડિચેરીમાં મતદાન યોજાશે

ન્યુ દિલ્હી,તા.૫

બંગાળ, આસામ, તામિલનાડુ, કેરળ અને પુડુચેરીમાં ૬ એપ્રિલના રોજ યોજાનારી ચૂંટણીના પ્રચાર પડઘમ રવિવારે શાંત થયા હતા.

આ સમયગાળા દરમિયાન, બંગાળના ત્રીજા તબક્કાની ૩૧ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે. આસામમાં, ત્રીજા અને અંતિમ તબક્કાના ૪૦ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે.

તમિલનાડુ, કેરળ અને પુડુચેરી માટે એક જ તબક્કામાં અનુક્રમે ૨૩૨, ૧૪૦ અને ૩૦ વિધાનસભા બેઠકો પર મતદાન થશે.

બંગાળ વિધાનસભાની ચૂંટણીના ત્રીજા તબક્કામાં હાવડા, હુગલી અને દક્ષિણ ૨૪ પરગણાના ત્રણ જિલ્લાની ૩૧ બેઠકો માટે કુલ ૨૦૫ ઉમેદવારો મેદાનમાં છે. ૬ એપ્રિલે મતદાન થશે. આ તબક્કા માટેની સૂચના ગત ૧૨ માર્ચે જારી કરવામાં આવી હતી. ત્રીજા તબક્કામાં હાવડાની સાત બેઠકો, હુગલી આઠ અને દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં ૧૬ બેઠકો છે.

ગત વિધાનસભાની ચૂંટણીમાં, આ ૩૧ માંથી ૩૦ બેઠકો તૃણમૂલ કોંગ્રેસે કબજે કરી હતી. કોંગ્રેસે માત્ર સામાન્ય બેઠક જીતી હતી, જોકે આ વખતે હરીફાઈ મુશ્કેલ છે. ભાજપ તૃણમૂલ માટે મોટો હરીફ તરીકે ઉભરી આવ્યો છે.

ત્રીજા તબક્કામાં કુલ ૭૮,૫૨,૪૨૫ મતદારો ૧૦,૮૭૧ બૂથ પર તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. ત્રીજા તબક્કામાં, દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં કેન્દ્રિય સૈન્યની મહત્તમ તહેનાત કરવામાં આવશે, જયાં ઘણી વિધાનસભા બેઠકો ખૂબ સંવેદનશીલ ગણાવી રહી છે.

## યોગી આદિત્યનાથે કોરોના વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો

લખનૌ,તા.૫

કોરોના સંક્રમણમાં થઈ રહેલા વધારા સાથે દેશમાં વેક્સિનેશન અભિયાન પણ ખૂબ જ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સોમવારે કોરોના વેક્સિનનો પહેલો ડોઝ લીધો હતો. લખનૌ ખાતે આવેલી સિવિલ હોસ્પિટલમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ભારત બાયોટેકની કોવેક્સિનનો પહેલો ડોઝ લીધો હતો. આ દરમિયાન તેમણે વેક્સિન લેવા પાત્ર હોય તેવા લોકોને વેક્સિન લેવા વિનંતી પણ કરી હતી. વેક્સિન લીધા બાદ યોગી આદિત્યનાથે કહ્યું હતું કે, 'દેશવાસીઓને ફ્રીમાં કોરોના વેક્સિન ઉપલબ્ધ કરાવી આપવા માટે વડાપ્રધાન મોદીજીનો આભાર, સાથે જ હું એ તમામ વૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવું છું જેમણે યોગ્ય સમયે ભારતમાં બે વેક્સિન લોન્ચ કરી, આ વેક્સિન સંપૂર્ણપણે સુરક્ષિત છે અને આપણે બધાએ આ વેક્સિન લેવી જોઈએ.'

## તંત્રી સ્થાનેથી...

# કોરોનાની અસર શેરબજાર પરઃ સેન્સેક્સમાં ૮૭૦ અંકનું ગાબડું



**દેશમાં વધતા જતા કોરોનાના કેસને કારણે સોમવારે શેરબજારમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. અનેક રાજ્યોમાં લોકડાઉનને લીધે આર્થિક કામકાજ પર પણ અસર થઈ છે. જેને પગલે ભારતીય બજારમાં ભારે ઘટાડો થયો છે. સવારે સેન્સેક્સ સામાન્ય લેવલ પર શરૂ થયું હતું. જોકે બજાર કામકાજને અંતે શેરબજાર ૮૭૦ પોઇન્ટ ગગડી ૪૯,૧૫૯ બંધ રહ્યું છે. સેન્સેક્સમાં સ્થાન ધરાવતી ૩૦ પૈકી ૨૫ કંપનીના શેરમાં મંદી જોવા મળી છે. જેમાં બજાજ ફાઈનાન્સ,અને ઈન્ડસઈન્ડ બેન્કના શેર સૌથી વધારે ૫.૬%થી વધારે ઘટ્યા છે. આ પહેલાં ૨૬ માર્ચે સેન્સેક્સ ૪૯ હજારથી નીચે આવ્યો હતો. સેન્સેક્સ ૮૭૦.૫૧ પોઇન્ટ અથવા ૧.૭૪ ટકા ગગડી ૪૯,૧૫૯.૩૨ રહ્યો છે. આમ આજે સોમવારે રોકાણકારોને શેરબજારમાં ૨.૧૭ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયુ છે.નિફ્ટી પણ ૨૩૦ પોઇન્ટ ગગડીને ૧૪,૬૩૭ પર બંધ રહ્યો છે. રોકાણકારો સૌથી વધારે વેચવાલી બેન્કિંગ અને ઓટો શેરોમાં કરી રહ્યા છે. ખાસ કરીને સરકારી બેન્કોના શેરોમાં સૌથી વધારે ધોવાણ થયું છે, જેમાં કેનેરા બેન્ક ૬ ટકા ગગડ્યો છે. નિફ્ટી બેન્ક ઈન્ડેક્સ ૧,૧૭૯ પોઇન્ટ એટલે કે ૩.૫ ટકા ગગડી ૩૨,૬૭૮ પર બંધ રહ્યો છે. એવી જ રીતે ઓટો ઈન્ડેક્સ પણ ૨.૫ ટકા નીચે આવ્યો છે, જ્યારેં ઈન્ડેક્સ ૫૧૧ પોઇન્ટ અથવા ૨ ટકા વધીને બંધ રહ્યો હતો.**

**સપ્તાહના પ્રથમ દિવસે ભારતીય શેરબજારમાં ટ્રેડીંગની શરૂઆત વિક્રમી ઘટાડા સાથે થઈ હતી. વિશ્વના અર્થતંત્રમાં કોરોના સંક્રમણ ફરી ઝડપી ફેલાઈ રહ્યું હોવાથી આજે ભારતીય શેરબજારમા ભારે ઘટાડો જોવા મળ્યો હતો. વિશ્વભરમાં ફરી કોરોના સંક્રમણના નવા વેવની ચિંતામાં ફરી લોકડાઉન કરવામાં આવ્યું છે. વડાપ્રધાને રાજ્ય સરકાર સાથેની બેઠકમાં બીજા તબક્કાનો કોરોના દેશમાં ફરી વળ્યો હોવાની દહેશત વ્યકત કરી છે. તેની શેરબજારમાં ભારે નકારાત્મક અસર જોવા મળી હતી. કેટલાક રાજ્યોએ તો ચોક્કસ સમય માટે કર્ફ્યુ અમલી કરી દીધો હોવાથી હોટલ, રેસ્ટોરન્ટ, સિનેમા સેક્ટરને નકારાત્મક અસર થવાની સંભાવનાઓ પાછળ આર્થિક ગ્રોથ ફરીથી ખોરવાઈ રહ્યો હતો તેવી દહેશત વ્યકત કરવામાં આવી હતી.બીએસઇ પર મીડકેપ ઈન્ડેક્સ ૧.૧૩% અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૧.૦૮% ઘટીને બંધ રહ્યા હતા. વિવિધ સેક્ટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પર હેલ્થકેર, ટેલીકોમ અને ટેક શેરોમાં લેવાલી જોવા મળી હતી, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ ઘટાડા સાથે બંધ રહ્યા હતા. બીએસઈમાં કુલ ટ્રેડીંગ થયેલી ૩૧૪૧ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૧૮૯૬ અને વધનારની સંખ્યા ૧૦૫૯ રહી હતી, ૧૮૬ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૩૦૦ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૩૨૧ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.**

# AMCનું ૨૦૨૧-૨૨નું સુધારેલુ બજેટ રજૂ, બજેટમાં ૫૭૬ કરોડનો વધારો કરાયો

)અમદાવાદ,તા.૫

રાજ્યના સૌથી મોટા અને આર્થિક પાટનગર એવા અમદાવાદ શહેરના મ્યુનિસિપલ કોર્પોરેશનનું વર્ષ ૨૦૨૧-૨૨નું સુધારા સાથેનું બજેટ શાસક પક્ષ ભાજપ દ્વારા આજે સોમવારે બપોરે ૧૨ વાગ્યે ઓનલાઇન વીડિયો કોન્ફરસના માધ્યમથી રજૂ કરવામાં આવ્યું હતું. મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન હિતેશ બારોટે રૂ ૮૦૫૧ કરોડનું બજેટ મંજૂર કર્યું છે. મ્યુનિસિપલ કમિશનર મુકેશકુમારે રજૂ કરેલા રૂ. ૭,૪૭૫ કરોડના બજેટમાં રૂ.૫૭૬ કરોડનો વધારો કર્યો છે. શાસક પક્ષ ભાજપે અમદાવાદીઓને રાહત આપતા સામાન્ય વેરા, વોટર કન્વર્ઝેશન અને વાહનવેરામાં કોઈ વધારો કર્યો નથી. જ્યારે થલતેજના ઝાયડસ રોડ પર ૩૦ બેડની હોસ્પિટલ બનાવવામાં આવશે. જેના માટે ૩૦ કરોડની જોગવાઈ કરી છે. આ બજેટ નિરસ છે. નળ, ગટર, પાણી અને રસ્તા જેવી પ્રાથમિક સુવિધાઓ માટે ખાસ કોઈ ફાળવણી કરવામાં આવી નથી.

શહેરના ૪૦ ચોરસ મીટરના રહેણાંક મિલકત ધારકોને ટેક્સ માફી આપવામાં આવી છે. જેનો ૬.૪૯ લાખ મિલકત ધારકોને લાભ મળશે. તેમજ ૪૦ ચો.મી. સુધીના ક્ષેત્રફળ ધરાવતી તમામ રહેણાંક મિલકતોમાં જો ૧ જૂન ૨૦૨૧થી ૩૧ ઓગસ્ટ ૨૦૨૧ સુધીમાં વર્ષ ૨૦૨૦-૨૧ સુધીનો પુરેપુરો પ્રોપર્ટી ટેક્સ(વધુમાં વધુ ત્રણ હપ્તામાં)ભરપાઈ કરવામાં આવે તો તેવા તમામ કરદાતાઓને તેમની પાછલી રકમ પર ચઢેલા વ્યાજમાં ૧૦૦ ટકા વ્યાજ માફી આપવામાં આવશે.

ઈ વ્હિકલના વેરામાં ૧૦૦ ટકા રાહત

ઈ વ્હિકલના વેરામાં ૧૦૦ ટકા રાહત આપી છે. એએમસીની બિલ્ડિંગોમાં ચાલી રહેલી ટ્રસ્ટની હોસ્પિટલની મિલકતોમાં ૭૦ ટકા રિબેટ આપવામાં આવી છે. ફાયર સ્ટેશન અને ફાયર ચોકીમાં વધારો કરવા ૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

૪ નવા ફ્લાય ઓવર

વર્ષ ૨૦૨૧-૨૨ના ડ્રાફ્ટ બજેટમાં કમિશનરે ઘોડાસર, પ્રગતિનગર, સતાધાર અને નરોડા પાટિયામાં ૪ નવા ફ્લાય ઓવર બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. જ્યારે બોપલ-ઘુમા વિસ્તારમાં ઈકોલોજિકલ પાર્ક તૈયાર કરવાની યોજના મુકવામાં આવી હતી. જ્યારે મ્યુનિસિપલ કમિશનરે કોર્પોરેટરોને રૂ.૧૭ લાખની ગ્રાન્ટ આપવાની દરખાસ્તમાં શાસક પક્ષ ભાજપે રૂ.૧૩ લાખનો વધારો કર્યો છે અને રૂ. ૩૦ લાખની ગ્રાન્ટ હવે કોર્પોરેટરોને મળશે. કેવડિયામાં જેવું આયુષ્ય માનવ ગાર્ડન બનાવવામા આવ્યું છે, એવું આયુષ્ય માનવ ગાર્ડન અમદાવાદ શહેરમાં રૂ. ૫ કરોડના ખર્ચે બનાવવામાં આવશે.

# કોરોના કહેરથી મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રને ફટકો, PMI ગ્રોથ ૭ મહિનાને તળિયે

)મુંબઇ,તા.૫

ભારતમાં કોરોના વાયરસની બીજી લહેરથી આર્થિક સંકટની ચિંતા સતાવી રહી છે. કોરોનાના કહેરની રિકવર થઇ રહેલા અર્થતંત્રને ફરી મોટો ફટકો પડી શકે છે. કોરોના વાયરસની બીજી લહેરના લીધે ભારતના અલગ-અલગ વિસ્તારોમાં કોવિડ સંબંધિત પ્રતિબંધોની મેન્યુફેક્ચરિંગ સેક્ટર પર સ્પષ્ટ નકારાત્મક અસર જોવા મળી રહી છે.

તેના લીધે માર્ચ મહિનાનો મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો પર્ચેઝ મેનેજર ઈન્ડેસ ઈન્ડેક્સ ઘટીને ૫૫.૪ ના લેવલે ઉતરી ગયો છે જે છેલ્લા ૭ મહિનાનું સૌથી નીચું લેવલ છે. ફેબ્રુઆરીમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો પીએમઆઇ ગ્રોથ ૫૭.૫ના લેવલે નોંધાયો હતો. આઇએચએસ માર્કિટના આંકડાઓ મુજબ માર્ચમાં ફેક્ટરીઓમાં ઉત્પાદન ૭ મહિનાના સૌથી નીચા લેવલે આવી ગયુ છે.

પાછલા સપ્તાહે જ કેન્દ્ર સરકાર અને રાજયો વચ્ચેની એક બેઠકમાં રાજયોને સલાહ અપાઇ છે કે તેઓ કોરોના વાયરસનું સંક્રમણ રોકવા માટે કડક પગલાં લઇ શકે છે. ત્યારબાદ રાજયોએ કોવિડ સંબંધિત પ્રતિબંધો વધાર્યા છે. હાલની પરિસ્થિતિમાં એવી દહેશત છે કે એપ્રિલમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ઉત્પાદનની પ્રવૃત્તિઓમાં ભારે ઘટાડો થશે અને તેના લીધે પીએમઆઇ ગ્રોથ રેટ હજી નીચે જઇ શકે છે.

ઉલ્લેખનિય છે કે, કાચામાલના ભાવ વધવાથી ઉત્પાદન ખર્ચ વધ્યુ અને તેના પરિણામ સ્વરૂપ ઉત્પાદનમાં પણ ઘટાડો થયો છે. ફેબ્રુઆરીમાં મોંઘવારી દર ઘટ્યો અને તે રિઝર્વ બેન્કના ૨-૬ ટકાના નિર્ધારિત ટાર્ગેટની અંદર રહ્યો છે.

# છત્તીસગઢમાં જવાનો પર થયેલા હુમલાને ફ્રાન્સે વખોડ્યો

પેરિસ,તા.૫

છત્તીસગઢના બીજાપુરમાં થયેલા નકસલી હુમલામાં દેશના ૨૨ બહાદુર જવાન શહીદ થઇ ગયા. ફ્રાન્સએ છત્તીસગઢમાં નકસલીઓના હુમલામાં સુરક્ષાબળોના ૨૨ જવાનોના શહીદ થવાની ઘટના પર શોક વ્યકત કર્યો છે. સાથો સાથ ફ્રાન્સે કહ્યું કે તેઓ આતંકની વિરૂદ્ધ લડાઈમાં ભારતની સાથે ઉભા છે.'

ફ્રાન્સના રાજદૂત ઈમેનુઅલ લેનાઇને ટ્વીટ કરી કે છત્તીસગઢમાં સુરક્ષાબળોના મોત થવા પર ઉંડી સંવેદનાઓ. મૃતકોના પરિવારજનો અને ઘાયલોના પ્રત્યે અમારી સંવેદનાઓ, અમે ઘાયલોના શીધ્ર સ્વસ્થ થવાની પ્રાર્થના કરીએ છીએ. તેમણે કહ્યું કે ફ્રાન્સ આતંકવાદના કોઇપણ સ્વરૂપની વિરૂદ્ધ લડાઈમાં ભારતની સાથે ઉભો છે. ઉલ્લેખનીય છે કે છત્તીસગઢના નકસલ પ્રભાવિત બીજાપુર અને સુકમા જિલ્લાની સરહદ પર શનિવારના રોજ કમ સે કમ ૪૦૦ નકસલીઓએ સુરક્ષા બળો પર હુમલો કર્યો જેમાં ૨૪ જવાન શહીદ થઇ ગયા હતા.

# અમદાવાદમાં આગામી બે દિવસ યલો એલર્ટ રહેશેઃ હવામાન વિભાગ

અમદાવાદ,તા.૫

રાજ્યમાં ગરમીને લઈ હવામાન વિભાગે મોટા આગાહી કરી છે. જે મુજબ આગામી બે દિવસ અમદાવાદમાં યલો અલર્ટ રહેશે. ત્રણ દિવસ બાદ તાપમાનમાં વધારો થશે. કાળઝાળ ગરમી માટે અમદાવાદવાસીઓએ તૈયાર રહેવું પડશે. બે ત્રણ દિવસથી અમદાવાદમાં વહેલી સવારે ઠંડી અને બપોરે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, આગામી ૩ દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં વધારે ફેરફાર થવાની સંભાવના નથી. પરંતુ આ તાપમાનમાં વધારો થશે. ૮ અને ૯ એપ્રિલના ગીર સોમનાથ, પોરબંદર માં હિટવેવની આગાહી છે. અમદાવાદમાં આગામી ૩ દિવસ દરમિયાન ૪૨ ડિગ્રી સુધી તાપમાન જઈ શકે છે.

ગરમીમાં લૂ લાગવા (હીટ વેવ)ના બનાવો પણ બનતા હોય છે જેથી આવા બનાવો ના બને તે માટે શુ તકેદારી રાખવી તે અંગેની પણ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવતી હોય છે. ગરમીમાં ત્રણ એલર્ટ હોય છે જેમાં યલો એલર્ટ, ઓરેન્જ એલર્ટ અને રેડ એલર્ટનો સમાવેશ થાય છે. આ ત્રણે એલર્ટમાં ગરમીનો પારો કેટલો હોય તે પણ સુનિશ્ચિત કરાયુ છે.

## ભારત પહેલા સ્ટ્રેટેજિક તેલ રિઝર્વનો ઉપયોગ કરેઃ સાઉદી

# સાઉદી અરબે એશિયામાં આવતા કાચા તેલના ભાવમાં કર્યો વધારો

રિયાધ,તા.૫

સાઉદી અરબે મેમાં એશિયા માટે મોકલવામાં આવનારા ક્રુડ ઓઈલના ભાવ વધારી દીધા છે, જ્યારે યૂરોપ માટે ઈંધણના ભાવોમાં કોઈ વધારો નથી કર્યો. સાઉદી અરબે રવિવારના સત્તાવાર રીતે આની જાહેરાત કરી છે. આ જાહેરાત સાથે જ દુનિયાના સૌથી મોટા ઈંધણ સપ્લાયરે સ્પષ્ટ કરી દીધું છે કે સાઉદી અરબથી ઈંધણ આયાતમાં કાપ મુકવાના ભારતના નિર્ણયથી તેના પર કોઈ ફરક પડવાનો નથી. રિપોર્ટ પ્રમાણે, સાઉદી અરબે ક્રુડ ઓઈલના ભાવોમાં એટલે કે સત્તાવાર વેચાણ કિંમત (OSP)માં ૨૦-૩૦ ટકાનો વધારો કર્યો છે.

સાઉદી અરબની સરકારી કંપની સાઉદી અરામકો કરાર અંતર્ગત દર મહિને ઈંધણના ભાવો નક્કી કરે છે. જો કે અન્ય પશ્ચિમી એશિયાઈ દેશોએ પોતાના ઈંધણની કિંમતોને ઓછી કરવાના સંકેત આપ્યા છે. સાઉદી અરામકોએ ભાવોમાં એ સમયે વધારો કર્યો જ્યારે ભારતે પોતાના દેશની રિફાઈનરીઓથી સાઉદી અરબથી આયાતમાં કાપ કરવા અને ઈંધણના પ્રોડક્શનને વધારવા કહ્યું છે. ઈંધણની કિંમતોને ઓછી કરવાના ભારતના અનુરોધને નજરંઅંદાજ કરીને સાઉદી અરબે ભાવ વધારી દીધા છે.

આના પર ભારતના કેન્દ્રીય પેટ્રોલિય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને નિરાશા વ્યક્ત કરી હતી અને રિફાઈનરીઓને તેલની આયાતમાં કાપ મુકવાનું પગલું ઉઠાવવા કહ્યું હતુ. ભારતના આ પગલાને સાઉદી અરબના નિર્ણયની સામે લેવામાં આવેલા પગલા તરીકે જોવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે ભારતે ક્રુડ ઓઈલના ભાવ ઓછા કરવા માટે સાઉદી અરબને અપીલ કરી હતી, પરંતુ ત્યાંના મંત્રી અબ્દુલ અજીઝ બિન સલમાન અલ સઉદનું કહેવું હતુ કે, ભારત પોતાના એ સ્ટ્રેટેજિક તેલ રિઝર્વનો ઉપયોગ કરે જે તેણે ગત વર્ષે તેલના ઘટતા ભાવો દરમિયાન ખરીદીને જમા કર્યું છે.

# ઝાયડસની દવા લીધા બાદ ૯૧% દર્દીઓનો ૭ દિવસમાં રિપોર્ટ નેગેટિવ આવ્યો

અમદાવાદ,તા.૫

ભારતમાં કોરોના વેક્સીનેશનનું કામ ઝડપથી થઈ રહ્યું છે. આ વચ્ચે વધુ એક રાહતના સમાચાર સામે આવ્યા છે. જાણીતી દવા કંપની ઝાયડસ કેડિલાએ કોરોનાની સારવાર માટેની દવા PegIFN માટે મંજુરી માગી છે. ફેઝ-૩ના ઈન્ટરીમ રિઝલ્ટમા સારા પરિણામ ઝાયડસ કેડિલા કંપનીએ ડીસીજીઆઈ પાસેથી મંજૂરી માંગી છે. કંપનીના રિસર્ચમાં ૯૧ ટકા જેટલા દર્દીઓને ૭ દિવસમાં દવા લીધા બાદ કોરોના નેગેટિવ આવ્યો છે.

ઝાયડ્સ કેડિલાએ સોમવારે જાહેરાત કરી કે, તેણે કોવિડ-૧૯ ની સારવાર માટે Pegylated Interferon Alpha 2bના ઉપયોગ માટે DCGI પાસેથી મંજૂરી માંગતી અરજી કરી છે. સાથે જ ઝાયડ્સ કેડિલાએ પણ જાહેરાત કરી કે, Pegylated Interferon Alpha 2bની સાથે ત્રીજા ફેઝમાં પરીક્ષણમાં કોવિડ -૧૯ ની સારવારમાં અમને આશાજનક પરિણામો મળ્યા છે. સાથે જ કંપનીએ જણાવ્યું કે, આ દવાથી અમે દર્દીને વહેલી તકે સારવાર કરી શકાય તેવા પરિણામો મળ્યા છે. સાથે જ તેની ગંભીર આડઅસરથી પણ બચવામાં સફળતા મળી છે.

# કોરોનાના વધતા કેસ મામલે લતા મંગેશકરે લોકો પર નિશાન સાંધ્યું

મુંબઈ,તા.૫

કોરોનાએ સમગ્ર દેશમાં ભરડો લીધો છે. સૌથી વધુ કોરોનાના કેસ મહારાષ્ટ્રમાં નોંધાઈ રહ્યા છે. કોરોનાની બીજી લહેરે મહારાષ્ટ્રની ચિંતા વધારી દીધી છે. કોરોનાની ઝપેટે સામાન્ય નાગરિકથી લઈને રાજકારણીઓ અને સિતારાઓ પણ આવી રહ્યા છે. બોલીવુડના જાણીતા અને દિગ્ગજ ગાયિકા લતા મંગેશકરએ ચિંતા વ્યક્ત કરી છે. છેલ્લા ઘણા સમયથી લતા મંગેશકર ભલે સંગીતની દુનિયાથી દૂર હોય પરંતુ દર્શકોના દિલમાં તો જગ્યા આજે પણ કાયમ છે. લતા મંગેશકરે હાલમાં જ મીડિયા સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન લતા મંગેશકરે મહારાષ્ટ્રમાં વધી રહેલા કોરોના વાયરસના કેસો પર ચિંતા વ્યક્ત કરી છે. જાણીતા ગાયક ઉદિત નારાયણના પુત્ર આદિત્ય નારાયણ માટે પણ ચિંતા વ્યક્ત કરી હતી. લતા મંગેશકરે કોરોના વાયરસ વિશે કહ્યું, 'આ ખૂબ જ ખરાબ છે અને આ માટે આપણે જ દોષી છે. ઘણા લોકો દિશાનિર્દેશોનું પાલન કરી રહ્યાં નથી, માસ્ક પહેરી રહ્યા નથી, પાર્ટીઓમાં હાજરી આપી રહ્યા છે. સેંકડો મહેમાનો સાથે મોટા લગ્નનું આયોજન કરી રહ્યા છે. આપણે નિયમોના ધજાગરા ના ઉડાડવા જોઈએ પરંતુ તેનું પાલન કરવું જોઈએ. આદિત્ય નારાયણ માટે ચિંતા વ્યક્ત કરતાં લતા મંગેશકરે કહ્યું, 'ઉદિત નારાયણનો



પુત્ર આદિત્ય પણ કોરોનાથી સંક્રમિત છે. નાના બાળકો પણ સંવેદનશીલ છે. વાયરસ કેવી રીતે આપણા શરીરમાં આવે છે તે નિશ્ચિત નથી આઈસોલેશન એક માત્ર ઉપાય છે. આ સાથે જ પોતાનો ખ્યાલ કેવી રીતે રાખે છે તે વિષે પણ કહ્યું હતું લતા મંગેશકરે કહ્યું, 'મારા રૂમમાં ફક્ત મારા પરિવારના સભ્યોને જ આવવાની મંજૂરી છે. મને તે લોકો તરફથી મળવાનું યાદ છે જેઓ મારા માટે ખાસ છે. પરંતુ સુરક્ષા બધા કરતા વધુ મહત્વની છે. હું આ દેશના લોકોને આગ્રહ કરું છું કે જાહેરમાં માસ્ક પહેરવા, નિયમિત સ્વચ્છતા કરવા અને વહેલી તકે રસીકરણ કરાવવા વિનંતી કરું છું.

# ફખર ઝમાનની ઈતિહાસીક ઈનિંગ છતા પાકની દ.આફ્રિકા સામે કરારી હાર

જોહાનિસબર્ગ,તા.૫

પાકિસ્તાનના ફખર ઝમાનએ ફરી એકવાર સાબિત કરી દીધું કે તે વિશ્વનો સૌથી ખતરનાક ઓપનર છે. તેણે દક્ષિણ આફ્રિકા સામે ૧૯૩ રનની અણનમ ઈનિંગ રમી હતી. આ સાથે તેણે રેકોર્ડ બુકમાં પોતાનું નામ નોંધાવ્યું. વન-ડે ક્રિકેટમાં બીજી ઈનિંગમાં સૌથી મોટી ઈનિંગ્સ રમનાર બેટ્સમેન બની ગયો ફકર ઝમાન. તેણે તેની ઈનિંગ્સમાં ૧૫૫ બોલમાં ૧૮ ચોગ્ગા અને ૧૦ છગ્ગા ફટકાર્યા હતા.

રવિવારે જોહાનિસબર્ગમાં પાકિસ્તાન અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બીજી વનડે મેચ રમાઈ હતી. યજમાન દક્ષિણ આફ્રિકાએ પ્રથમ બેટિંગ કરતા ૬ વિકેટે ૩૪૧ રન બનાવ્યા હતા. ૩૪૧નો પીછો કરવા ઉતરેલી પાકિસ્તાની ટીમના ઓપનર ફકર ઝમાનએ ૧૯૩ રનની શાનદાર ઈનિંગ્સ રમી હતી. જો કે, તે તેની ટીમને જીત અપાવી શક્યો નહીં. પાકિસ્તાની ટીમ નિર્ધારિત ૫૦ ઓવરમાં ૯ વિકેટે ૩૨૪ રન જ બનાવી શકી હતી. આ રીતે તેને ૧૭ રને હારનો સામનો કરવો પડ્યો હતો.

ફકર ઝમાનએ વનડેમાં બીજા દાવમાં સૌથી વધુ ૧૯૩ રન બનાવીને સૌથી મોટા સ્કોરનો રેકોર્ડ તોડી નાખ્યો છે. આ રેકોર્ડ શેન વોટસનના નામે હતો. બાંગ્લાદેશ સામે લક્ષ્યનો પીછો કરતાં વોટસને ૨૦૧૧ માં ૧૮૫ રન બનાવ્યા હતા.

ફકર ઝમાન વર્ષ ૨૦૧૭ પછી ૧૯૦ કરતા વધારે બે સ્કોર બનાવનાર પ્રથમ બેટ્સમેન બન્યો હતો. આ અગાઉ તેણે ૨૦૧૮માં ઝિમ્બાબ્વે સામે ૨૧૦ રન બનાવ્યા હતા. ફકર ઝમાન દક્ષિણ આફ્રિકાની ધરતી પર સૌથી મોટી વનડે ઈનિંગ્સ રમનાર ક્રિકેટર પણ બની ગયો છે. અગાઉ આ રેકોર્ડ ફાફ ડુ પ્લેસીના નામે હતો. તેણે ૨૦૧૭માં શ્રીલંકા સામે ૧૮૫ રનની ઈનિંગ્સ રમી હતી.

૧૯૩ રનની ઈનિંગ બાદ રેકોર્ડ બુકમાં ફકરનું નામ ભલે નોંધાયું હોય, પરંતુ તે તેનાથી ખુશ જોવા ન મળ્યો. તેણે મેચ બાદ કહ્યું કે, જો પાકિસ્તાન આ ઈનિંગ્સથી જીત મેળવી લેત તો તેઓ વધારે ખુશ થયા હોત. અલબત્ત, ફકરની આ શાનદાર ઈનિંગ્સ બાદ પણ પાકિસ્તાની ટીમ અને તેના ચાહકો નિરાશ થયા.

## ૧૦૦ કરોડ વસૂલીના આરોપ મુદ્દે મહારાષ્ટ્રના રાજકારણમાં ભૂકંપ

# CBI તપાસનો ડર..?,અનિલ દેશમુખનું ગૃહમંત્રી પદેથી રાજીનામું

મુંબઈ,તા.૫

મહારાષ્ટ્રના ગૃહમંત્રી અનિલ દેશમુખે આખરે પદેથી રાજીનામું આપી દીધુ છે. મુંબઈના પૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહે તાજેતરમાં એક પત્ર લખીને અનિલ દેશમુખ પર ૧૦૦ કરોડ રૂપિયાની વસૂલી કરવાનો આરોપ લગાવ્યો હતો.



અનિલ દેશમુખ મામલે થયેલી એનસીપીની હાઈ લેવલની મીટિંગમાં શરદ પવાર, અનિલ દેશમુખ, અજિત પવાર, અને સુપ્રીયા સુલે હાજર રહ્યા હતા. આ બેઠક જયશ્રી પટેલની અરજી પર આવેલા હાઈકોર્ટના નિર્ણય બાદ યોજાઈ. પાર્ટી સૂત્રોના જણાવ્યાં મુજબ બેઠકમાં આગળની રણનીતિ પર ચર્ચા થઈ છે. ત્યારબાદ જ દેશમુખે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને પોતાનું રાજીનામું સોંપી દીધુ છે.

બીજી રાજીનામું આપ્યું તે પહેલાં મુંબઈના પૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહના આરોપો ઉપર બૉમ્બે હાઈકોર્ટે મહારાષ્ટ્રના ગૃહમંત્રી અનિલ દેશમુખ વિરુદ્ધ મોટો નિર્ણય સંભળાવ્યો હતો. હાઈકોર્ટે અનિલ દેશમુખ વિરુદ્ધ CBI તપાસનો આદેશ આપી દીધો છે. હાઈકોર્ટે ૧૫ દિવસની અંદર તપાસ રિપોર્ટ સોંપવા પણ કહ્યું છે.

પરમવીર સિંહે ગૃહમંત્રી અનિલ દેશમુખ વિરુદ્ધ હાઈકોર્ટમાં ૧૦૦ કરોડ રૂપિયાની વસૂલીનો આરોપ લગાવ્યો હતો. આ અરજી પર ચુકાદો આપતા બૉમ્બે હાઈકોર્ટે કહ્યું કે, પરમવીર સિંહે લગાવેલા આરોપો ગંભીર છે. આ મામલે ક્વૈંઈ દાખલ થઈ ચૂકી છે અને પોલીસ તપાસની આવશ્યક્તા છે. હાઈકોર્ટે કહ્યું કે, અનિલ દેશમુખ પર એવા આરોપ લાગ્યા છે, જેની નિષ્પક્ષ તપાસ માટે CBIની આવશ્યક્તા છે. બૉમ્બે હાઈકોર્ટના આદેશ બાદ રાજનીતિક પ્રતિક્રિયાઓ પણ આવવા લાગી છે. મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, હપ્તા વસૂલીના રેકેટનો જલ્દી પર્દાફાશ થશે. CBI તપાસમાં સચ્ચાઈ સામે આવશે. આ દરમિયાન અનિલ દેશમુખે ગૃહમંત્રી પદ પરથી રાજીનામું આપી દેવું જોઈએ.

જણાવી દઈએ કે, એન્ટાલિયા કેસમાં મુંબઈના પોલીસ અધિકારી સચિન વાઝેની ધરપકડ બાદ પૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહની ટ્રાન્સફર કરી દેવામાં આવી હતી. આ મામલે પૂર્વ કમિશનરે મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને પત્ર લખ્યો હતો. જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, મહારાષ્ટ્રના ગૃહમંત્રી અનિલ દેશમુખે સચિન વાઝેને ૧૦૦ કરોડ રૂપિયાની વસૂલીનો ટાર્ગેટ આપ્યો હતો. આ સાથે જ તેમણે દેશમુખ પર અન્ય અનેક ગંભીર આરોપ લગાવ્યા હતા. બીજી તરફ અનિલ દેશમુખના વિરુદ્ધ પરમવીર સિંહે સુપ્રીમ કોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા, પરંતુ સુપ્રીમ કોર્ટે તેમણે હાઈકોર્ટમાં જવા જણાવ્યું હતુ. જે બાદ પરમવીર સિંહે હાઈકોર્ટમાં ગૃહમંત્રી અનિલ દેશમુખ વિરુદ્ધ અરજી આપી હતી. જેના પર કોર્ટે પોતાનો ચૂકાદો સંભળાવ્યો છે. જો કે પરમવીર સિંહે પોતાના પર લગાવેલા આરોપોને અનિલ દેશમુખે નકાર્યા છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની આજ ૫ ગદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે

વિષય : રાગ - રાગીણી .દિવસ - ૧

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
રચના ચેકકરનાર :જયશ્રીબેન પટેલ,અરૂણાબેન ત્રિવેદી
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews.com

---

## NOG SS No : 0082

વિષયઃ રાગ, રાગિણી
શીર્ષકઃ પ્રેમ રાગ અને ખુશી
પ્રકારઃ ગદ્ય

જીવનમાં સુખ,દુઃખ ,ચિંતા આધી, વ્યાધિ,ઉપાધિનો સમન્વય એ જિંદગીની હરેક મોડની રાહ અને વ્યવસ્થા છે.
દરેક વ્યક્તિનાં સમસ્ત જીવનમાં ઉતાર ચઢાવ એ એક સહજ સમસ્યા છે
સબંધોના તાલમેલમાં દરેક સંજોગોમાં માનવ પ્રેરિત રાગ અનુરાગ, વ્યથા, અનુકંપા, જીજીવિષા, વ્યક્તિગત એષણાઓ, મિથ્યા હુંકાર,
આ બધું નિરંતર જોવા મળે છે.
સંગીતની સૂરાવલીમાં આરોહ, અવરોહ તાલ, જપતાલનું મહત્વ છે, તેવી રીતે આપણું જીવન પણ એક
રાગિણી સ્વરૂપ તાલબધ્ધ સૂર
મય અને સપ્ત સૂરોથી નિર્મિત
છે.
"મિલે સૂર મેરા તુમ્હારા
સૂર બને હમારા "
પંક્તિ આપણને જીવનમાં હરેક પ્રકારના મધુર રસો જીવવાની પ્રેરણા આપે છે,
"રાગ "મતલબ આત્માનો અવાજ
રાગ હશે તો જ રાગિણી બનશે.
સારા પ્રતિભાવંત કલાકાર પોતાની કલાની રજૂઆત કરતા હોય ત્યારે મન શબ્દથી આત્મસાત બની સૂર સુરાવલી રાગને અભિભૂત થાય છે.
એકરાગ જીવનને ધન્ય બનાવે છે,
શહેનાઈની ગુંજ મીઠો રાગ છેડે,
તબલા વાદક તાલથી એકરસ બને,
તાનપુરો ઐક્ય સાધી શહેનાઈનાં સૂરોને વજન આપે
અંત સાર એજ કે જીવનમાં
એક રાગ હશે તો જ જીવન
મધુર બનશે

ડો અનિરુદ્ધ વ્યાસ, નડિયાદ

---

## NOG SS No : 0077

વિભાગઃગદ્ય ,લેખ
વિષયઃ રાગ,રાગિણી
શીર્ષકઃરાગ -રાગિણી જુગલબંદી

રાગ એ સૂરનાં આરોહ અવરોહનો એવો નિયમ છે જેનાંથી સંગીતની ખૂબ સુંદર રજુઆત કરી શકાય છે.
દરેક રાગનું એક ચોક્કસ રૂપ ,ચોક્કસ અંદાજ અને ચોક્કસ બંદીશ હોય છે એના આધારે જ વપરાતાં સૂર અને લય પર એ નિર્ભર રહે છે. સાત સૂરનાં આરોહ-અવરોહથી રાગ સંપૂર્ણ બને છે. ૧૯મી સદી સુધી રાગનો એક પરિવાર ગણાતો હતો.જેમકે ભૈરવ,કાફી,ભૈમાલી,શ્રી,મેઘ,બસંત,દિપક,માલકૌંસ, પંચમ,હિંડોલ અને નટનારાયણ.એટલેકે એ રાગનું એ પરિવારપર આધિપત્ય ગણાતું. સંગીતમાં ૩૦૦ ઉપરાંત રાગ છે એમ માનવામાં આવે છે.
કૃષ્ણ ભગવાનની વાંસળી, બૈજુબાવરા ,તાનસેન,તાનારીરી અને પંડિત ઓમકારનાથ ઠાકુર એ રાગ- રાગિણીનાં અખંડ ઉપાસકો ગણવામાં આવે છે.
રાગ એ પુરુષ રૂપે છે.જ્યારે રાગિણી એ રાગનું સ્ત્રી રૂપ છે.
જે રાગમાં વીર રસ,ભક્તિ રસ,સ્થિરતા અને અધ્યાત્મિકતાનો પ્રભાવ દેખાતો હોય એને રાગ કહેવાય.
જેમાં રાગ ભૈરવ,માલકૌંસ,દરબારી, મેઘમલ્હાર,બિલાવલ અને યમન રાગનો સમાવેશ થાય છે.
રાગિણીમાં પ્રેમ,શૃગાંર,ચંચળતા અને કોમળતા ભળે તેને રાગિણી કહે છે.જેમાં ખમાજ,કાફી,જોનપુરીઅને ઠુમરી મુખ્ય છે.
સંગીતમાં રાગ -રાગિણી ઘણાં જ મહત્વનાં છે. રાગ -રાગિણી સંગીતનો શ્વાસ અને પ્રાણ છે.
રાગનું વિભાજન ઘણી જગ્યાએ થાટથી થાય છે કર્ણાટક સંગીતમાં હજુ થાટથી જ રાગ નિર્ધારીત થાય છે.
રાગ એ ઋતુ અને પ્રહર આધારિત ગવાય છે.યોગ્ય પ્રહરમાં ગવાતો રાગ વધુ પ્રભાવશાળી નિવડે છે.

| રાગ | ઋતુ | હર |
|---|---|---|
| ભૈરવ | શિશિર | સવારે |
| હિંડોલ | વસંત | પ્રથમ પ્રહર-દિન |
| દિપક | ગ્રીષ્મ | સાંજે. |
| શ્રી | હેમંત | સૂર્યાસ્ત સમયે |
| મેઘ | વર્ષા | |
| મલ્કાન | શરદ | |

રાગ- રાગિણીનાં સૂર તાલ અને લયથી તો સમગ્ર પ્રકૃતિ, માનવજાત પશુ અને પક્ષીઓ પણ ડોલી ઉઠે છે.એ તો અનુભવ સિધ્ધ બાબત છે.હવે રોગની સારવાર પણ આનાથી કરવામાં આવે છે. ગરમ અને સૂકી પ્રકૃતિનાં લોકોને આસારાગ, હ્દય રોગમાં રાગ ભૈરવી, રક્ત સંબંધી રોગોમાં રાગ બસંત અને હતાશામાં-ડિપ્રેશનમાં રાગ સારંગ ઉપયોગી બને છે.
જો દર્દીની ઈચ્છાશક્તિ પ્રબળ હોય તો રાગ -રાગિણી થકી સારવાર અવશ્ય સંભવી શકે છે. રાગ-રાગિણી આપણી માનસિકતાને પ્રભાવિત કરે છે.કારણકે દરેક રાગ-રાગિણીમાં એમની એક ચોક્કસ ઉર્જા, લય અને ગતિ સંકળાયેલા હોય છે જે સમગ્ર બ્રહ્માંડને પ્રભાવિત કરવા માટે સક્ષમ છે.રાગ -રાગિણી આપણાં મન પર એક દિર્ઘ અસર છોડે છે એનું કારણ માતાનાં ઉદરમાંથી આપણે ઓમકારનો નાદ બ્રહ્મ આપણાં પૂર્વ જન્મની છાપ સાથે લઈને આવેલાં હોઈએ છીએ.એનો સ્ત્રોત કુદરત પણ છે.કુદરત પણ પવન,પાણી અને કલરવ સ્વરૂપે રાગ-રાગિણી છેડતી જ હોય છે. રાગ-રાગિણી થકી ચોક્કસ મધુર સંગીત પ્રભાતથી સંધ્યાકાળ સુધી,
પ્રકૃતિ આપણાં સહુ સુધી કોઈને કોઈ સ્વરૂપે પહોંચાડી જબરજસ્ત અસર કરે છે એ અનુભવ સિધ્ધ અને સાબિત બાબત છે.
આ રાગ-રાગિણીની જુગલબંદી બ્રહ્માંડનો નાદ છે,ઓમકાર છે.
અસ્તુ .

ઋતંભરા વિશ્વજીત ,ઋત્વિશ્વ

---

## NOG SS NO: 0004

વિષયઃ રાગ રાગીણી(રાગીની)
શીર્ષકઃસૂરાવલી

રોજ માલવનો રીયાઝ કરવાનો સમય, સવારે ઉષા તેના કિરણો સાથે રમતે ચઢે ને તે જ સમયે માલવ પણ સિતાર લઈને રીયાઝ કરવા બેસે. સામેના બગીચામાં તે જ સમયે સરગમ બાગમાં ચાલવા આવે. તે બન્નેની આ પળ એટલે રાગ રાગિણીનું મિલન.. જેટલો સૂર સરગમનો મીઠો એટલી જ માલવની સિતારની સરવાણી મીઠી.

બન્ને એકબીજાથી અજાણ હતાં. બન્ને કંઈક જગ સાથે લઢી રહ્યાં હતાં..રાગનું કેવું છે જાત જાતનાં રાગો ગવાય છે. મલ્હાર રાગ, ભૈરવી તો માલ્કોશ તો અગન રાગ.. ક્યાંય ન છેડાય તેવી દાહ. બૈજુ ને તાનસેનની આ મીઠી તકરારમાં મૂંગા પશુ પણ કેવા ખેંચાઈ આવ્યાં હતાં. રાજકુમારી માટે દાહ ભોગવી તાનસેને દીવા પ્રગટાવી દીધાં હતાં. યમન રાગથી પ્રભુને રીઝવી બૈજુએ આગ ઓલવી હતી, પત્થરને પાણી બનાવી દેવાયું હતું.

સંગીતની આ શક્તિથી અજાણ મદનશેઠ સાવકા દીકરાને યાતના પહોંચાડતા. તેના રીયઝનાં સમયે તેને હેરાન કરતાં, તે માને પણ કંઈજ કહી શકતો નહિ. જયારે સરગમને ત્યાં સરગમનાં સ્વરો નીકળતા કે આખું ઘર મંત્રમુગ્ધ થઈ સાતસૂરોમાં ડૂબી જતું.

આજે ટાઉનહોલ ખિચોખિચ ભરેલો , તેમાં દેશમાંથી અનેક સંગીતકાર ને ગીતકાર ભેગા થયાં હતા, એક પછી એક બધાંનો વારો આવી ગયો. સિતારવાદન પણ માલવનું પત્યું પણ સરગમનાં સંગીતકાર પહોંચ્યા જ નહોતા. માલવે આ જોયું તેણે..ચિંતાગ્રસ્ત સરગમને પૂછ્યું," કંઈ મદદ કરી શકું?"

સરગમની આંખમાં આસું આવી ગયાં, તેણે કહ્યું,હમારા ગીતનાં સૂર કેવી રીતે રીયાઝ વગર આપ એકલી સિતાર પર છેડી સકશો?"

મિલાપે ગીત ગણગણવા કહ્યું. રાગ શરૂ થયો તો મિલાપે સિતાર પર રાગીણી છેડી.. સરગમ ધૂન સાંભળતા જ મિલાપને બધાંની વચ્ચે જ વળગી પડી. કંઈક ખુલાસા બાકી હતાં. મંચ પર સરગમનું નામ જાહેર થયું ને મંજૂરી લઈ મિલાપે તેને સાથ આપ્યો.. કારણ રોજ સવારની કુદરતે ગોઠવેલી રીયાઝની વેળાએ આ જ સૂર ને સૂરાવલી સાંભળતા જ ઐક્ય બનેલી હૃદયની ધડકનને ઓળખની જરૂર ન પડી. લોકો મંત્રમુગ્ધ થઈ આ રાગ રાગીણીનાં મિલનને સાંભળતાં જ રહ્યાં.. વન્સમોર ને તાળીઓનો ગડગડાટ ને ચાર આંખોનો હર્ષ નવી દુનિયા રચતો ગયો.રાગ રગીણી એકમેકનાં થઈ ગયા પલભરમાં.

જયશ્રી પટેલ

---

## NOG. SS NO :.0001

વિષય :-- રાગ
પ્રકાર :-- ગદ્ય
શીર્ષક :--રોગોમાં ઉપચારક 'રાગ '.

રાગ એટલે શું ? તો એમ કહી શકાય કે જે મનને આનંદ આપે તેવી આરોહ અવરોહવાળી વાદી સંવાદી સહિતની નિયમબદ્ધ રચનાને રાગ કહે છે.

આપણે વાત કરીશું રોગનો ઉપચાર કરવા માટે કેવા કેવા રાગ ગવાતાં હોય છે. શાસ્ત્રોમાં પણ લખ્યું છે કે રાગમાં જ રોગની સારવાર છુપાઈ છે. અને પહેલાંના સમયમાં આ પદ્ધતિ ખૂબજ અસરકારક સાબિત પણ થયેલી છે.પણ કયા રોગમાં કયો રાગ ઉપચારક સાબિત થાય એની પણ સચોટ માહિતી હોવી ખૂબજ જરૂરી છે. જેમકે તણાવ માટે દરબારી રાગ તો માથાનાં દુખાવા માટે ભૈરવી રાગ ઉપયોગી છે. અલગ અલગ બિમારીઓ માટે અલગ અલગ રાગ ગવાતાં હોય છે.

માનસિક તણાવ ઓછો કરવા માટે રાગ કાફી તો મનની એકાગ્રતા વધારવા માટે રાગ યમન ગવાય છે. રાગ યમનથી મનની એકાગ્રતા તો વધે જ છે પણ સાથે સાથે રાગ યમન ઉત્સર્ગતંત્રનાં રોગોમાં પણ ફાયદાકારક છે. દરેક રાગનો પોતાનો એક ગુણધર્મ હોય છે. તેમાંથી નીકળતા સ્વર અને એમાંથી જે ભાવ ઉત્પન્ન થાય છે એનાથી શરીર અને મન પર એક આહલાદક (આહ્લાદક) વાતાવરણ બંધાય છે. અને એનાથી રોગ પર નિયંત્રણ આવે છે. આ રાગ સાંભળવાથી મન શાંત થાય છે. અને તણાવ પણ દૂર થાય છે. પેટનાં રોગો થતાં અટકે છે. કોઈપણ રોગનાં ઈલાજ માટે ગવાતાં રાગ આપણી જ્ઞાનેન્દ્રિયો દ્વારા મગજ સુધી પહોંચે છે અને એમાં એક સંવેદનાનો અનુભવ થાય છે એની અસર પણ મગજ સુધી પહોંચે છે એનાથી મગજ તાજગી અને શાંતિ અનુભવે છે. આમ એક દર્દીને આ રાગ સાંભળવાથી શાંતિ મળતાં પોતાનાં દર્દનો અહેસાસ ઓછો થતો જાય છે. અને એનામાં હકારાત્મક ઉર્જા ઉત્પન્ન થાય છે. પરિણામે દર્દીમાં રહેલાં તણાવનું પ્રમાણ ઘટે છે અને એની રોગપ્રતિકારક શક્તિ વધે છે.

આમ આ પરથી કહી શકીએ કે ' યમન ' રાગ મનની એકાગ્રતા વધારવા માટે ઉપયોગી છે તો કોઈપણ રાગ દર્દીઓને કોઈને કોઈ રીતે ઉપચારક નીવડે જ છે.

પ્રદિપ રાવલ . સંચાલક.

---

## NOG SS No ; 0055

વિષય : રાગ, રાગિણી
પ્રકાર : ગદ્ય
શીર્ષક : નવો રાગ

આજે સૌ કોઈ ખુશ હતાં , ખરેખર કોઈને જ કલ્પના નહોતી કે આવી રીતે મળીશું.
સૌ કોઈ અનુરાગની કોઠાસૂઝ વખાણી રહ્યાં હતાં આખરે કોલેજ છોડ્યાના પચ્ચીસ- પચ્ચીસ વર્ષો પછી સૌ મિત્રો ફરી મળ્યા હતાં, ફક્ત અને ફક્ત અનુરાગના દ્રઢ પ્રયત્નોના લીધે. સૌ કોઈ બદલાય ગયાં હતાં, પરાણે કાળા કરાયેલા વાળ તો કોઈને લબડી ગયેલું પેટ. કોઈ ગોલ્ડન ચશ્માની ફ્રેમ દ્વારા વધુ મોહક લાગતું હતું તો કોઈ ૪૫ અંશના ખૂણે વળી પણ ગયું હતું.
એકમાત્ર રાગિણી અકબંધ હતી , એવી ને એવી જ.. તેના કદ- કાઠી નહોતા બદલાયા. હા, આંખો શુષ્ક અને ચહેરો ફિક્કો ચોક્કસ લાગતાં પણ કોઈ જ નહોતું જાણતું કે વૈધવ્યનો ભાર તેને અંદરથી દઝાડી રહ્યો છે સિવાય અનુરાગ.
આજે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યા બાદ તે આતુર હતો પોતાના દિલની વાત કહેવા , જે તે વર્ષો પહેલાં નહોતો કહી શક્યો અને અચાનક જ તેની પ્રિયતમા તેની જિંદગીથી સરી ગઈ હતી....અને તે હજી પણ તેના વિરહમાં તપી રહ્યો હતો , ફક્ત એક "હા " માટે
" રાગિણી, હજી પણ હું તને બહુ જ પ્રેમ કરું છું, શું તું મારી જિંદગીનો નવો રાગ બનીશ ? તારા વગર આ જીવનની સરગમ અધૂરી છે. શું તું મારા જીવનની નવી રાગિણી બનીશ? "
એ શુષ્ક આંખો જાણે આ જ સવાલની વર્ષોથી રાહ હોય તેમ ચમકી ઉઠી અને શરમથી ઝૂકી ગઈ.
"હા" હવે તેના જીવનમાં નવો જ રાગ છેડાઈ ચૂક્યો હતો..

શ્રદ્ધા ભટ્ટ,વાપી




રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે,
કેસરવરણી સમરસેવિકા કોમલ સેજ બિછાવેઃ
ઘાયલ મરતાં મરતાં રે
માતની આઝાદી ગાવે.
કો'ની વનિતા, કો'ની માતા, ભગિની ટોળે વળતી,
શોણિતભીના પતિ-સુત-વીરની રણશય્યા પર લળતી;
મુખથી ખમ્મા ખમ્મા કરતી
માથે કર મીઠો ધરતી.
થોકે થોકે લોક ઊમટતા રણજોદ્ધા જોવાને,
શાહબાશીના શબદ બોલતા પ્રત્યેકની પિછાને;
નિજ ગૌરવ કેરે ગાને
જખ્મી જન જાગે અભિમાને.
સહુ સૈનિકનાં વહાલાં જનનો મળિયો જ્યાં સુખમેળો,
છેવાડો ને એકલવાયો અબોલ એક સૂતેલો;
અણપૂછયો અણપ્રીછેલો
કોઇનો અજાણ લાડીલો.
એનું શિર ખોળામાં લેવા કોઇ જનેતા નાહ્વવી;
એને સીંચણ તેલ-કચોળાં નવ કોઇ બહેની લાવી;
કોઇના લાડકવાયાની
ન કોઇએ ખબરે પુછાવી.
ભાલે એને બચીઓ ભરતી લટો સુંવાળી સૂતી,
સન્મુખ ઝીલ્યા ઘાવો મહીંથી ટપટપ છાતી ચૂતીઃ
કોઇનો લાડકવાયાની
આંખડી અમૃત નીતરતી.
કોઇના એ લાડકવાયાનાં લોચન લોલ બિડાયાં,
આખરની સ્મૃતિનાં બે આંસુ કપોલ પર ઠેરાયાંઃ
આતમ-દીપક ઓલાયા,
ઓષ્ટનાં ગુલાબ કરમાયાં.
કોઇનાં એ લાડકડા પાસે હળવે પગ સંચરજો,
હળવે એનાં હૈયા ઉપર કર-જોડામણ કરજોઃ
પાસે ધૂપસળી ધરજો,
કાનમાં પ્રભુપદ ઉચ્ચરજો!
વિખરેલી એ લાડકડાની સમારજો લટ ધીરે,
એને ઓષ્ટ-કપોલે-ભાલે ધરજો ક હુંબન ધીરેઃ
સહુ માતા ને ભગિની રે!
ગોદ લેજો ધીરે ધીરે!
વાંકડિયા એ ઝુલ્ફાંની મગરૂબ હશે કો માતા,
એ ગાલોની સુધા પીનારા હોઠ હશે બે રાતા;
રે! તમ ચુંબન ચોડાતાં
પામશે લાડકડો શાતા.
એ લાડકડાની પ્રતિમાનાં છાનાં પૂજન કરતી,
એની રક્ષા કાજ અહર્નિશ પ્રભુને પાયે પડતી;
ઉરની એકાન્તે રડતી
વિજોગણ હશે દિનો ગણતી.
કંકાવટીએ આંસુ ધોળી છેલ્લું તિલક કરતાં,
એને કંઠ વીંટાયા હોશે કર બે કંકણવંતાઃ
વસમાં વળામણાં દેતા,
બાથ ભીડી બે પળ લેતા.
એની કૂચકદમ જોતી અભિમાનભરી મલકાતી,
જોતી એની રૂધિર-છલકતી ગજગજ પહોળી છાતી;
અધબીડ્યાં બારણિયાંથી
રડી કો હશે આંખ રાતી.
એવી કોઇ પ્રિયાનો પ્રીતમ આજ ચિતા પર પોઢે,
એકલડો ને અણબૂઝેલો અગન-પિછોડી ઓઢેઃ
કોઇના લાડકવાયાને
ચૂમે પાવકજ્વાલા મોઢે.
એની ભસ્માંકિત ભૂમિ પર ચણજો આરસ-ખાંભી,
એ પથ્થર પર કોતરશો નવ કોઇ કવિતા લાંબી;
લખજોઃ 'ખાક પડી આંહી
કોઇના લાડકવાયાની

ઝવેરચંદ મેઘાણી

એક જમાનો હતો જ્યારે કવિઓ, લેખકો, શાયરો પોતાની કલમની તાકાત થી દેશના યુવાઓમાં દેશ માટે મરી મિટવાની ભાવનાની ને જ્યોતને પ્રજવલ્લિત રાખતા...આજકાલ ના સાહિત્યકારોની તો વાત જ જવાદો ભઇ સા'બ!!!

ગઈ કાલે નકશલી હુમલામાં શહિદ થયેલા ૨૪ કોઇના લાડકવાયોઓને એક કલાકારની અશ્રુભિની શ્રધ્ધાંજલી...

# VSSM સંસ્થા દ્વારા ૧૮ વૃદ્ધ નિરાધાર માવતરોને એપ્રિલ માસની રાશનકીટ નુ વિતરણ કરાયુ



બગસરા તાલુકામા રહેતા વિચરતી અને વિમુક્ત જાતિના અશકત, વૃદ્ધ અને નિરાધાર કે જે કામ કરી શકે તેમ નથી આવા વૃદ્ધ પરિવારોની અન્ન સલામતી જળવાઈ રહે અને બે ટાઈમનું ભોજન મળી રહે તેવા હેતુથી માવજત કાર્યક્રમ અંતર્ગત ૧૮ માવતરોને એક માસ ચાલે તેટલા કરીયાણાની એપ્રિલ-૨૦૨૧ મહિનાની કીટનું વિતરણ સંસ્થા ના સ્થાપક મિતલબેન પટેલ ના માર્ગદર્શન હેઠળ વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થાના અમરેલી જીલ્લાના સંયોજક રમેશભાઈ મકવાણા દ્વારા કરવામા આવ્યુ હતુ. આ કામમાં ઘનશ્યામભાઈ તેમજ સતિષભાઈ મદદરૂપ થયા હતા. દર મહિને આવા વૃદ્ધ માવતરોને ને રાશનકીટ આપવામા આવશે.

# કાંકરેજઃ નેકારીયા મુખ્ય કેનાલમાં વજેગઢ ના યુવાને ઝંપલાવ્યું

કાંકરેજ નેકારીયા નર્મદા મુખ્ય કેનાલમાં કોઈ યુવાન કેનાલમાં ઝંપલાવ્યું હોવાની ઘટના સામે આવતા ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટયા હતા. ત્યારે સ્થાનિક તરવૈયા ની મદદ થી યુવાનની લાશ ને ભારે જહેમત બાદ યુવાનની લાશ હાથ લાગી હતી. બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાંથી પસાર થતી નર્મદાની મુખ્ય નેકારીયા કેનાલમાં કોઈ અજાણ્યા યુવાન કેનાલમાં ઝંપલાવ્યું હોવાનું જાણવા મળતા ઘટના સ્થળે લોકો ના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.. કોકરેજ ના થરા વજેગઢ ના હદાજી શિવાજી ઠાકોર નામનો યુવાન કોઈ અગમ્ય કારણોસર કેનાલમાં ઝંપલાવ્યું હોવાનું જાણવા મળ્યું હતું.. (રિપોર્ટરઃ- કનુજી ઠાકોર બનાસકાંઠા)

# કણબીપીઠાથી માચ ચોકડી વચ્ચે વળાંકમાં ટ્રક પલ્ટી ખાઈ જતા અકસ્માત ટ્રક ચાલકનું મોત

રાજપીપળા,તા.૫

દેડીયાપાડા તાલુકાના કણબીપીઠા થી માચ ચોકડી વચ્ચે વળાંકમાં એક પલટી ખાઈ જતાં અકસ્માતોમાં ટ્રકચાલકનું મોત નીપજયું હતું. જયારે એકની હાલત ગંભીર બની હતી.આ અંગે દેડીયાપાડા પોલીસ મથકે ફરિયાદી બબન ઉર્ફે મંગેશ સુધાકર આસોલકર (રહે,જયતાલા રોડ, ઝડા ચોક એકાછમાતા નગર નાગપુર, તા. જી. નાગપુર મહારાષ્ટ્ર) આરોપી આઈસર ટ્રક નંબર એમએચ ૪૦ એન ૫૫૮૯ ના ચાલક ગણેશ મોતીરામ સિંદે (રહે,હનુમાન મંદિર નજીક જયતાલા તા.જી. નાગપુર) સામે ફરિયાદ કરી છે.




ફરિયાદની વિગત મુજબ આરોપી ગણેશ મોતીરામ સિંદે પોતાના કબજાની ટ્રક નંબર એમએચ ૪૦ એન ૫૫૮૯ વળાંકમાં ઉપરનો કાબુ ગુમાવી દેતા ખાઈમાં પલ્ટી ખાઇ ગઇ હતી. જેમાં ફરિયાદી અને ડાબા હાથના ખભા ઉપર તથા માથામાં ઈજા થયેલ તથા ટ્રક ચાલકે પોતાને માથામાં ગંભીર ઈજા પહોંચાડી તથા બંને પગે તથા શરીરે ઓછી-વત્તી ઈજા પહોંચાડી તથા ટ્રકને તથા સામાનને નુકસાન કરતા સારવાર દરમિયાન ટ્રકચાલકનું મોત નીપજયું હતું.પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

# રાજપીપળા પોલીસે ૧૦ દિવસમાં માસ્ક નહીં પહેરનાર વ્યક્તિઓ પાસેથી ૨.૧૩ લાખનો દંડ વસુલ કર્યો

રાજપીપળા,તા.૫

રાજપીપળામાં દરરોજ કોરોરાના કેસો સતત વધી રહ્યા છે.ત્યારે તંત્ર પણ માસ્ક નહીં પહેરનાર સામે વોચ ગોઠવી દંડની કાર્યવાહી કરી રહી છે. જેમાં ટાઉન પોલીસે પણ માર્ચ મહિનામાં માસ્ક નહીં પહેરનાર લોકો પર લાલ આંખ કરી દંડની કાર્યવાહી કરી હતી. નર્મદા જિલ્લામાં કોરોનાના સંક્રમણ ન વધે એ માટે રાજપીપળા પોલીસે ટીમ બનાવી માસ્ક બાબતે ચેકિંગ હાથ ધરાતા છેલ્લા ૧૦ દિવસમાં કુલ ૨૧૩ લોકોને વગર માસ્ક ફરતાં લોકોને ઝડપી તેમની પાસેથી ૨ લાખ ૧૩ હજાર રૂપિયાનો દંડ વસુલ કર્યો હોવાનું પોલીસ વિભાગમાંથી જાણવા મળ્યું છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

### બહારના કોન્ટ્રાક્ટરો અહીંયા કોઈને ગાંઠતા ન હોવાનો આક્ષેપ.

# નર્મદા જિલ્લાના વિવિધ વિકાસના કામોમાં બહારના કોન્ટ્રાક્ટરો કામ કરી જતા રહે છે,ભૂલ કોણ સુધારશે ? મનસુખ વસાવા




રાજપીપળા,તા. ૫

રાજપીપળામાં ગૃહિણીઓને ઉપયોગી ઘરેલુ ગેસ પ્રોજેક્ટનો પ્રારંભ કરવાના કાર્યક્રમમાં ઉપસ્થિત રાજપીપળા શહેર ભાજપ પ્રમુખે કહ્યું કે બહારના કોન્ટ્રાક્ટરો અહી કોઇને ગાંઠતા નથી,ત્યારે ભાજપ સાંસદ મનસુખ વસાવાએ પણ કહ્યું કે બહારના કોન્ટ્રાક્ટરો કામ કરી જતા રહે છે.ત્યારે નાની મોટી ભૂલો કોણ સુધારશે ?. રાજપીપળામાં ભાજપ સાંસદ મનસુખ વસાવા, ગીતાબેનરાઠવા,નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ ઘનશ્યામ પટેલ, રાજપીપળા પાલિકા પ્રમુખ કુલદીપસિંહ ગોહિલ, રાજપીપળા શહેર ભાજપ પ્રમુખ રમણસિંહ રાઠોડ સહીત પાલિકાના ચૂંટાયેલા સભ્યોની ઉપસ્થિતિમાં ગૃહિણીઓને ઉપયોગી ઘરેલુ ગેસ પ્રોજેક્ટનો પૂજા વિધિ કરી પ્રારંભ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં રાજપીપળા શહેર ભાજપ પ્રમુખ રમણસિંહ રાઠોડે બહારના કોન્ટ્રાક્ટરો પર સીધો આક્ષેપ કરતા જણાવ્યું હતું કે શહેરમાં હાલ ભૂગર્ભ ગટર યોજનાનું કામ ચાલી રહ્યું છે.ત્યારે કોન્ટ્રાક્ટર પાણી નાખવામાં પણ કચાસ રાખી છે. મેં આ બાબતે રાજપીપળા પાલિકા પ્રમુખ,પાલિકા મુખ્ય અધિકારીને રજૂઆત પણ કરી છે. બહારના કોન્ટ્રાક્ટરો અહીં કોઇને ગાંઠતા નથી. વિકાસ નું કામ ગુણવત્તાયુક્ત થાય છે એ જોવાની જવાબદારી શહેરની જનતાને પણ છે.ત્યારે ભાજપ સાંસદ મનસુખ વસાવાએ જણાવ્યું હતું કે ટેન્ડરિંગ પ્રક્રિયા બાદ જ કામો કરવામાં આવે છે. પણ નર્મદા જિલ્લાના સક્ષમ કોન્ટ્રાક્ટરો અને સ્થાનિક એજન્સીને જ આ મળવું જોઈએ.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

### નહીં જોવા મળે જાદુના અદ્વિતીય ખેલ

# પરંપરાનો અંતઃ જાદુના સમ્રાટ જુનિયર કેલાલનું કોરોનાથી નિધન

અમદાવાદ,

તા. ૫ એપ્રિલ ૨૦૨૧, સોમવાર

ગુજરાતમાં કોરોના વાઈરસ રોજ નવા રેકોર્ડ બનાવી રહ્યો છે. ત્યારે ગુજરાતીઓ માટે એક દુખદ સમાચાર સામે આવી રહ્યાં છે. વિશ્વ પ્રસિદ્ધ જાદુગર કે. લાલના પુત્ર જુનિયર કે. લાલ હર્ષદરાય વોરાનું કોરોનાથી નિધન થયુ છે. પિતાના નિધન બાદ તેમણે જાદુગરીનો વારસો આગળ વધાર્યો હતો.

જાણીતા જાણીતા જાદુગર કાંતિલાલ વોરા અને તેમના પુત્રએ લગભગ ૩૨ વર્ષ સુધી એક સ્ટેજ પરથી જાદુના શો કર્યા હતા. અને હસુભાઈએ જુનિયર કે.લાલ તરીકે પ્રસિદ્ધિ મેળવી હતી. ભારતીય જાદુ કલાને વૈશ્વિક સ્તરે પહોંચાડવામાં કે. લાલ અને તેમાન પુત્ર જુનિયર કે. લાલનું મોટું યોગદાન છે.

૧૯૬૮માં અમેરિકાની IBM સંસ્થાએ હસુભાઈને વિશ્વના સૌથી ઝડપી જાદુગરનો ખિતાબ આપ્યો. તેઓ તેમની અમુક જાદુ કલા, જેવી કે શરીરથી હાથ જુદા કરવા, જાયન્ટ કીલર શો, ધ ફ્લાઇગ લેડી અને એવીલ જોકરને કારણે સારી એવી લોકપ્રિયતા મેળવી હતી.

જુનિયર કે. લાલને તેમના માતાપિતા જાદુના ક્ષેત્રમાં લાવવા માંગતા ન હતા. જુનિયર કે. લાલ જાદુની દુનિયામાં પિતાની મદદ



વગર જ કોઈને ખબર ન પડે તે રીતે આવ્યા હતા. માતા-પિતાએ પહેલાથી જ નક્કી કરી રાખેલું કે, દીકરાને જાદુગર નથી જ બનાવવો. પરંતુ બન્યું કાંઇ બીજું જ.

જુનિયર કે.લાલ કોરોનાથી સંક્રમિત થતાં તેમને વધુ સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં તેમની તબિયત વધુ લથડતા સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. જુનિયર કે.લાલના નિધનથી જાદુઈ કળાના જગતમાં શોક વ્યાપી ગયો છે.

કોરોનાની મહામારીમાં હસુભાઈ પણ ઝડપાયેલા પરંતુ તેમના રીપોર્ટ નેગેટિવ આવ્યા બાદ ફરી તબીયત લથડતા હાર્ટ એટેક ને કારણે તેમનું અમદાવાદની સાલ હોસ્પિટલ ખાતે દુઃખદ અવસાન થયું છે.

લાલ પરિવાર મૂળ ગુજરાતના અમરેલી જિલ્લાના બગસરાના વતની હતા. કાંતિલાલભાઈ કલકતામાં કાપડનો વેપાર કરતા ત્યાંથી ૧૯૫૦માં સિનેમાંથી પોતાની કારકીર્દી જાદુગર તરીકે શરૂ કરી હતી જેની પરંપરા તેમના પુત્ર જુનિયર કે. લાલે આગળ ધપાવી.

હસુભાઈના નામથી ઓળખતા હર્ષદરાય વોરાના બંને પુત્રોએ નીલ અને પ્રેયસ બંને એન્જિનિયરિંગ વ્યવસાયમાં છે. પરંતુ તેમના પૌત્ર વિહાને જાદુગરીના વ્યવસાયમાં આવવાની જાહેરાત કરી હતી. થોડા વર્ષો પહેલા અમદાવાદમાં યોજાયેલ જાદુગરીના એક મેળાવડા કાર્યક્રમમાં પરિવારની આ પરંપરાને આગળ ધપાવવાની વાત કરી હતી.

### ભારતીય જનતા પાર્ટીના વોર્ડ નં.૩ના ઉમેદવારોને વ્યાપક આવકાર

**ઉમેદવારો સર્વે શ્રી સંજીવ અંબરીષ મહેતા, સોનાલીબેન ઉરેનકુમાર પટેલ, ભરતભાઈ મનજીભાઈ ગોહીલ, દીપીકાબેન સવજીભાઈ સોલંકીએ સર્વત્ર આવકાર**



ઉરેન પટેલે જણાવ્યું હતું કે સે.-૨૭ ગાયત્રીનગર સોસાયટી ખાતે વોર્ડ નં. ૩ ભારતીય જનતા પાર્ટીના કમળ નિશાન સાથેના ઉમેદવારોને ભારે પ્રતિસાદ સાંપડ્યો હતો. ઉમેદવારો સર્વ શ્રી સંજીવ અંબરીષ મહેતા, સોનાલીબેન ઉરેનકુમાર પટેલ, ભરતભાઈ મનજીભાઈ ગોહીલ, દીપીકાબેન સવજીભાઈ સોલંકીએ પગપાળા મતદાતાઓનો સંપર્ક પૂર્વ ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ સાથે કર્યો હતો.

આ ઉમેદવારોએ પરંપરાગત રીતે ભાજપનો ગઢ ગણાતા સેક્ટર-૨૭ ખાતે ઉમળકાભેર આવકાર મળ્યોહતો. આ પગપાળા લોકસંપર્ક રાઉન્ડમાં ૧૫૦થી વધુ કાર્યકરો જોડાયા હતા. શ્રી પેપ્પીભાઈ, શ્રી ઉરેનભાઈ પટેલ, શ્રી આશીષભાઈ જોષી, શ્રી અનિલ ચૌહાણ, શ્રી પ્રદિપસીંહ ચંપાવત, કૌશલ લખવારા. એડવોકેટ શ્રી મનસુરીભાઈ, દિનેશભાઈ વિગેરે જોડાયા હતા.

### સિક્કિમનાં મુખ્યમંત્રી સ્ટેચ્યું ઓફ યુનિટીની મુલાકાતે

# સરદાર પટેલનાં મહાન દૃષ્ટિકોણ અને ઐતિહાસિક નિર્ણયને લીધે દેશની એકતા અને અખંડિતતા કાયમ માટે ટકી રહેશે :મુખ્યમંત્રી સિક્કિમ

રાજપીપલા, તા૪

વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની આજે સિક્કિમ રાજ્યના માનનીય મુખ્યમંત્રી પ્રેમસિંગ તમાંગજીએ મુલાકાત લઈને સરદાર સાહેબને ભાવાંજલી અર્પી હતી. સિક્કિમ રાજયના મુખ્યમંત્રી પ્રેમસિંગ તમાંગજીએ આજે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઇને અખંડ ભારતનાં શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતીમાનાં દર્શન કરીને ભાવાંજલી અર્પી હતી. તમાંગજીએ અખંડ ભારત બનાવવામાં સરદાર સાહેબે આપેલા યોગદાનને યાદ કરી સરદાર સાહેબનાં જીવન-કવનને પ્રસ્તુત કરતા મ્યુઝીયમ અને દર્શન કક્ષની મુલાકાત લઇ રસપુર્વક નિરીક્ષણ કર્યુ હતુ.



પ્રેમસિંગ તમાંગજીએ પોતાના પ્રતિભાવમાં જણાવ્યુ હતુ કે, આજે મને કેવડિયામાં આવવાનો લ્હાવો મળ્યો છે અને સરદાર વલ્લભભાઇ પટેલ જી પ્રત્યે મારો આદર પ્રગટ કરૂ છું.સરદાર વલ્લભભાઈ પટેલ જેવા મહાન વ્યક્તિના દૃષ્ટિકોણ અને ઐતિહાસિક નિર્ણયને લીધે દેશની એકતા અને અખંડિતતા કાયમ માટે ટકી રહેશે. આ વિચારો હંમેશાં મારા માટે અને દરેક દેશવાસીઓ માટે માર્ગદર્શન અને પ્રેરણારૂપ બનશે. તામમાં ભારતીયોએ પ્રધાનમંત્રીશ્રીનાં સ્વપન "આત્મનિર્ભર ભારત" અને "એક ભારત શ્રેષ્ઠ ભારતનાં" સૂત્રને સમર્થન કરવું જોઈએ.

આ પ્રસંગે સ્ટેચ્યુ ઓફ યુનીટીનાં ઉચ્ચ અધિકારીઓ દ્વારા સિક્કિમનાં માનનીય મુખ્યમંત્રીનું સ્વાગત કરાયું હતું અને તેઓને સરદાર સાહેબનાં જીવન ચરીત્ર સાથે જોડાયેલ પુસ્તક અને સરદાર સાહેબની પ્રતિમાં સ્મૃતિરૂપે અર્પણ કરી હતી.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

### પછાત રણ વિસ્તારમા ખેડૂતોને પગભર થવા માટે આધુનિક ખેતી કરી

# આવક બમણી કરવાનો રાહ ચિંધતા લુણીચણા ના પ્રગતિ શીલ ખેડૂત મદારસિંહ ગોહિલ

રણકાંઠા ને અડીને આવેલ સાંતલપુર તાલુકાના નાનકડા એવા લુણીચણા ગામના ઉત્સાહી અને સાહસિક ખેડૂત કે હજી સુધી નર્મદાના પાણીનું એક ટીપુ પણ પહોચ્યું નથી તેવા નપાણીયા વિસ્તારમાં આધુનિક ખેતી તરફ ખેડૂતો ને નવો રાહ ચિંધવાનું કાર્ય મદારસિંહ ગોહિલ કરી રહ્યા છે.વ્યવસાયે પ્રાથમિક શાળાના શિક્ષક અને રાજપૂત સમાજના યુવા આગેવાન એવા ગોહિલ પોતાના ખેતરમાં આધુનિક ખેતી ના અવનવા પ્રયોગો કરીને ખેડૂતોને નવો રાહ ચીધી રહ્યા છે.



સૌપ્રથમ ખેતીની જમીન મા પાણીનો બોર( ટ્યુબ વેલ) બનાવી ને પાણી મા ટી. ડી.એસ.નું પ્રમાણ ઘટાડવા માટે ખેતરમાં મોટો હોજ બનાવી.પાણીને ઠંડુ કરી પછી ને પછી જ પિયતમાં લેવામાં આવે છે.લગભગ એકજ શેઢે ૬ હેકટર થી વધુ જમીન ધરાવતા મદાર સિંહજી એ ઋતુ અનુસાર ચીલા ચાલુ પાકો જેવાકે કઠોળ.ધાન્યવર્ગના પાકો અને ઘાસચારા ઉપરાંત બિટી કપાસની આધુનિક ખેતી કરી સારીએવી આવક મેળવી હતી.કપાસ કાઢી ને બીજા પાક તરીકે ઘઉં ઉપરાંત મસાલા વર્ગના પાકો જીરું.ધાણા .અજમો સવા ઉપરાંત ગરમ પ્રદેશ મા વરિયાળી નો પાક કરવાનો સફળ પ્રયોગ કર્યો છે.જેનું ખૂબ સારું પરિણામ મળ્યું.જેથી આવતી સીઝન મા વધુ વિસ્તારમાં બીજા ખેડૂતો ને પણ વરિયાળી અને મગફળી ઉગાડવા પ્રોત્સાહિત કરશે.

આ વખતે આ વિસ્તારમાં પ્રથમ વખત ઉનાળા મા અતિ ગરમી મા લોકોને ઠંડક આપતા. તરબૂચ .ટેટી અને કાકડી નું અતિ આધુનિક પદ્ધતિ થી આગણવાડા ના તેમના ખાસ મિત્ર ભરતસિંજી વાઘેલા .અને ઈશુભા વાઘેલાના માર્ગદર્શન અને સલાહથી તરબૂચ અને ટેટીનું મલચિંગ અને ડ્રિપ પધ્ધતિ થી વાવેતર કરેલ છે અને ડીસાના મહેશ સીડસ કોર્પોરેશન ના ભુરાભાઈ માળી ના સીધા જ માર્ગદર્શન અને ભલામણ ને આધારે તેમના ત્યાંથી વિવિધ વેરાયટીમાં તરબુત.ટેટી અને કાકડીના બિયારણ અને ખાતર દવા ઓ નો ઓર્ગેનિક રીતે વાવેતર કરેલ છે.તેમજ જરૂર પડે એટલે રાત દિવસ મને હર હંમેશા માર્ગદર્શન વર્મોરા ઓર્જનિક ફાર્મ જાલીસાના તા.વિરમગામ ના નરેન્દ્રભાઇ પટેલ નું સોશ્યલ મીડિયાના માધ્યમથી માર્ગદર્શન મેળવવા મા આવે છે.

જેમાં અત્યારે ફ્રૂટ સેટિંગ સુધીનો ખૂબ સારો વિકાસ થયેલ છે. વાતાવરણ અને હવામાન માં જો કુદરત સાથ સહકાર આપે તો વિપુલ પ્રમાણ મા ઉત્પાદન મળવાની શક્યતા મદારસિંહ દ્વારા વ્યક્ત કરવા મા આવી છે.

આ ખારાપાટ વિસ્તારમાં રણ ને અડીને આવેલ નપાણીયા વિસ્તારમાં આધુનિક ખેતી કરવા નું સાહસ કરનાર પ્રગતિ શીલ ખેડૂત જણાવે છે કે આવતી સિજન મા ડ્રેગન ફ્રૂટ.આબા.અને ખારેક ઉપરાંત પપૈયા માટે ના પ્રોયોગો કરી સફળતા મેળવીને ખેડૂતોને આધુનિક પધ્ધતિ તરફ લઈ જવાની ઈચ્છા છે લગભગ દરેક ખેડૂત અખતરા કરતા ડર અનુભવતા હોય છે.કદાચ સફળ ન થવાય તો નુકશાન વેઠવું પડે એવો સતત ભય સતાવતો હોય છે.મદારસિંહ વધુમાં જણાવે છે કે મારે કોઈ વ્યસન નથી.જેથી વ્યસન માટે ના જેટલા નાણાં હું ખેતીના નવા નવા પ્રયોગો કરવામાં ખર્ચ કરી દઉં છું.

જો સરકારના ખેતીવાડી વિભાગ કે બાગાયત વિભાગ મને સહયોગ કરે તો હું ખેડૂતોની આવક બમણી કરવાના હેતુ ને બહાર લાવવા માં ઉત્સાહ થી કામ કરવા તૈયાર છું. અત્યારે જે તરબૂચ.શક્કર ટેટી અને કાકડી નું તેમજ વિવિધ શાક ભાજી ભીંડા.ચોરી.ગુવાર તેમજ લીલી જુવારનું પણ વાવેતર કરવાનો અખતરો કર્યો છે .તેમાં સરકારશ્રીની કોઈપણ મદદ કે સબસિડી વગર કર્યું છે.અને વિપુલ પ્રમાણમાં ઉત્પાદન મળવાની આશા છે.

# દેડીયાપાડા તાલુકાના કોલીવાડા ગામ ની આંગણવાડી નું મકાન જર્જરીત હાલતમાં.

રાજપીપળા, તા. ૫

દેડીયાપાડા તાલુકાના સોલીયા ગ્રુપ ગ્રામ પંચાયત માં આવેલ કોલીવાડા ગામે આવેલ આંગણવાડી નું મકાન ઘણા વખતથી જર્જરિત હાલતમાં છે.અહી જીવના જોખમે નાના ભૂલકાઓ આંગણવાડી માં બેસે છે. ઘણા વર્ષો અગાઉ બનાવવામાં આવેલું આંગણવાડી નું મકાન બિલકુલ જર્જરિત હાલતમાં છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન વરસાદી પાણી અંદર વહેલી આવે છે.તેમજ આંગણવાડીના પતરા પણ તૂટેલી



હાલતમાં છે.

આવી હાલતમાં બાળકોની ચિંતા કરતા કર્મચારીઓ નાછૂટકે કોલીવાડા ગામ નાના ભૂલકાઓને બાજુમાં બનાવવામાં આવેલ સમાજ ઘરની બહારની ઓરડીમાં બેસાડવા મજબૂર બન્યા છે.આંગણવાડીના મકાનનું નવીનીકરણ કરવા માટે ગ્રામજનોએ વારંવાર લેખિત અને ગ્રામસભામાં ઠરાવ કર્યા છતાં આ મકાન બનાવવામાં આવતું નથી.સરપંચ અને સરકારી તંત્રની ઘોર બેદરકારીના કારણે નાના ભૂલકાઓ આવો જીવ જોખમમાં મૂકાય તેવી સ્થિતિ સર્જાઈ છે.ત્યારે વહેલી તકે આંગણવાડી નું નવું મકાન બનાવવા કામગીરી હાથ ધરવામાં આવે તેવી ગ્રામજનોની માંગણી છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજ પીપલા



**ગાંધીનગર મહાનગર પાલિકા ભાજપ વોર્ડ - ૬ મધ્યસ્થ કાર્યાલય નો વિધિવત પ્રારંભ.ભાજપ અગ્રણી શંભુ પ્રસાદ ટુંડિયા,મહાનગર પ્રમુખ રુચિર ભટ્ટ,પૂર્વ ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘર...સ્ટેજ ઉપર બિરાજમાન હતા.**




**શ્રી સમસ્ત ગુજરાત બહ્મસમાજ રાજયકક્ષા નાં પ્રદેશ મહામંત્રી ડો યજ્ઞેશભાઈદવેજી ની અનુમતિ થી પાટણ જીલ્લા મહિલા પાંખ નાં મહામંત્રી તરીકે માનસીબેન ત્રિવેદી ની વરણી કરવાં માં આવી તે બદલ માનસીબેન ત્રિવેદી ને ખૂબ ખુબ શુભકામનાઓ .હર હર મહાદેવ**

**શ્રી સમસ્ત ગુજરાત બહ્મસમાજ રાજયકક્ષાનાં પ્રદેશ મહિલા પાંખનાં મંત્રી સંગીતા જોષી (એડવોકેટ -નોટરી) શ્રી સમસ્ત ગુજરાત બહ્મસમાજ રાજયકક્ષા પાટણ જીલ્લા મહિલા પ્રમુખ દેવિકાબેન ત્રિવેદી**

# કાંકરેજ તાલુકાના મંડપ અને લાઈટિંગ એસોસિયશન દ્વારા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું

બનાસકાંઠા કાંકરેજ તાલુકામાં તમામ ધંધા વ્યવસાય પડી ભાગ્યા સે જેમાં મંડપ ડેકોરેશન અને લાઈટિંગ સાઉન્ડ સેલ્લા કેટલાય સમયથી બંધ થઇ ગયા છે જેના કારણે શિયાળા અને ઉનાળા દરમિયાન કોરોના મહામારીમાં લોકડાઉન ના કારણે સરકાર ની ગાઇડ લાઇન ના નિયમો મુજબ કોઈ શૂટસાટ મળી ન હતી જેના કારણે અમારે ગોડાઉન ના ભાડા તેમજ પાર્ટીપ્લોટ ના ભાડા તેમજ મજૂરો ના પગાર જેવા ખર્ચો ગા મુશ્કેલ થઈ ગયા છે સરકાર ના નિયમ મુજબ કોઈ અમારી ગંભીર તાને



ધ્યાન માં લઈને છુટ આપવામાં આવે તે હેતુ થી ગઇ કાલે પ્રમુખ જનકભાઈ ઠક્કર ઉપ પ્રમુખ - સંજયભાઈ રાવલ મંત્રી દિનશભાઈ ઠાકોર ખજાનચી પરબતભાઈ પ્રજાપતિ કારોબારી રાકેશ જયસ્વાલ વગેરે ઉપસ્થિત રહી કાંકરેજ મામલતદાર ને આવેદનપત્ર આપવામાં આવે છે..

(રિપોર્ટરઃ- કનુજી ઠાકોર બનાસકાંઠા)




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.